


# ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 021
Dt.: 29-09-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


### સારા સ્વાસ્થ્ય વિના જીવનના ૪ લક્ષ્યો અધૂરા

# વડાપ્રધાન મોદીએ શેર કર્યો હજારો વર્ષ જૂનો સંસ્કૃત શ્લોક

### સંસ્કૃત શ્લોકમાં આરોગ્યને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા ૪ પુરુષાર્થની પ્રાપ્તિનો ઉત્તમ આધાર ગણાવવામાં આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજે એટલે કે, ૨૮ સપ્ટેમ્બર (સોમવાર)ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આરોગ્ય અને જીવનના મહત્વ સાથે જોડાયેલું એક સંસ્કૃત સુભાષિત શેર કર્યું છે. તેમાં સારા આરોગ્યને જીવનના ૪ મુખ્ય પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિનો મહત્વપૂર્ણ આધાર ગણાવવામાં આવ્યો છે. PM મોદી દ્વારા શેર કરવામાં આવેલો આ શ્લોક ચરક સંહિતાના સૂત્રસ્થાનના પ્રથમ અધ્યાયના ૧૫મા શ્લોકમાં મળે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખ્યું કે "સુખોપવિષ્ટાસ્તે તત્ર પુણ્યાં ચક્રુઃ કથામિમા । ધર્માર્થકામમોક્ષાણામારોગ્યં મૂલમુત્તમમ્ ॥" આ શ્લોકનો અર્થ એ છે કે, સુખપૂર્વક બેઠેલા મહર્ષિઓએ પવિત્ર વિષય પર ચર્ચા કરી અને જણાવ્યું કે ધર્મ, અર્થ, કામ તથા મોક્ષની પ્રાપ્તિનો ઉત્તમ આધાર આરોગ્ય એટલે કે સારું સ્વાસ્થ્ય છે. ચરક સંહિતામાં આ શ્લોક મહર્ષિઓની એ ચર્ચાના સંદર્ભમાં આવે છે, જેમાં માનવ જીવન અને આરોગ્યના મહત્વ પર વિચાર કરવામાં આવ્યો છે.

ભારતીય દર્શનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષને જીવનના ૪ મુખ્ય પુરુષાર્થ માનવામાં આવ્યા છે. ધર્મનો સંબંધ કર્તવ્ય અને સદાચરણ સાથે, અર્થનો સંબંધ આજીવિકા અને સમૃદ્ધિ સાથે, કામનો સંબંધ ઈચ્છાઓ અને જીવનના સુખો સાથે તથા મોક્ષનો સંબંધ આધ્યાત્મિક મુક્તિ સાથે જોડવામાં આવે છે. શેર કરવામાં આવેલા સુભાષિતનો મૂળ સંદેશ એ છે કે સ્વસ્થ શરીર અને જીવન વિના આ લક્ષ્યો તરફ અસરકારક રીતે આગળ વધવું મુશ્કેલ બની શકે છે. આ જ કારણે તેમાં આરોગ્યને આ ચારેય પુરુષાર્થનો મહત્વપૂર્ણ આધાર ગણાવવામાં આવ્યો છે.

ચરક સંહિતાના દીર્ઘંજીવિતીય અધ્યાયમાં અનેક મહર્ષિઓના એકત્ર થવા અને આયુર્વેદ સાથે જોડાયેલા વિષયો પર ચર્ચાનો પ્રસંગ આવે છે. આ જ ક્રમમાં કહેવામાં આવ્યું છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટે આરોગ્ય ઉત્તમ મૂળ છે. આ વિચારમાં આરોગ્યને માત્ર બીમારીથી મુક્તિ સુધી મર્યાદિત રાખવામાં નથી આવ્યું, પરંતુ જીવનના વિવિધ ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે જરૂરી આધાર તરીકે જોવામાં આવ્યું છે. અસ્વસ્થતાની સ્થિતિમાં વ્યક્તિ માટે પોતાના દૈનિક કર્તવ્યો, આજીવિકા, પારિવારિક જીવન અને આધ્યાત્મિક સાધના પર ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ બની શકે છે.વડાપ્રધાન મોદી આ પહેલાં પણ સંસ્કૃત સુભાષિતો દ્વારા આરોગ્ય, કલ્યાણ, સદાચાર અને જીવન મૂલ્યો સાથે જોડાયેલા સંદેશ શેર કરતા રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં તેમણે અલગ-અલગ પ્રસંગોએ આવા સુભાષિત શેર કર્યા છે, જેમાં કલ્યાણ, ધર્મ, જ્ઞાન, અહિંસા અને સકારાત્મક જીવન મૂલ્યો પર ભાર મૂકવામાં આવ્યો છે.



### CBSE વિદ્યાર્થીઓ માટે સુપ્રીમ કોર્ટનો મોટો ફેંસલો

# ધો-૯ને પણ રાહત, ધો.૧૦મા બોર્ડમાં નહીં લેવાય ત્રીજી ભાષાની પરીક્ષા

### આ રાહત હેઠળ, ધો-૧૦માં ત્રીજી ભાષાની બોર્ડ પરીક્ષા નહીં લેવાય અને મૂલ્યાંકન શાળા કક્ષાએ આંતરિક રીતે થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) ને નિર્દેશ આપ્યો હતો કે ત્રિ-ભાષા નીતિ હેઠળ ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને પણ એ જ રાહત આપવામાં આવે, જે હાલમાં ધોરણ ૭ ના વિદ્યાર્થીઓને મળી રહી છે. આ મામલો સીબીએસઈની ત્રિ-ભાષા નીતિને પડકારતી અરજીઓની સુનાવણી દરમિયાન સામે આવ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયમૂર્તિ જોયમાલ્ય બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહનાની પીઠ આ કેસની સુનાવણી કરી રહી હતી. અદાલતે કહ્યું કે, ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને પણ ત્રીજી ભાષાના મૂલ્યાંકનમાં ધોરણ ૭ ના વિદ્યાર્થીઓ માટે આપવામાં આવેલી છૂટછાટનો લાભ આપવામાં આવે.

કોર્ટના આદેશનો સૌથી મહત્ત્વનો હિસ્સો ત્રીજી ભાષાના મૂલ્યાંકન સાથે જોડાયેલો છે. હાલમાં ધોરણ ૭, ૮ અને ૯ ના વિદ્યાર્થીઓને સંક્રમણકાલીન રાહત આપવામાં આવી છે. આ હેઠળ જ્યારે તેઓ ૧૦મા ધોરણમાં પહોંચશે, ત્યારે ત્રીજી ભાષાની CBSE બોર્ડ પરીક્ષા લેવામાં આવશે નહીં.

ત્રીજી ભાષાનું મૂલ્યાંકન શાળા કક્ષાએ આંતરિક રીતે કરવામાં આવશે. તેનો ધોરણ ૧૦ ના બોર્ડ પરિણામ પર પાસ કે નાપાસ થવા પર કોઈ પ્રભાવ પડશે નહીં. હવે આ જ રાહત ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને પણ આપવામાં આવી છે. અદાલતે પોતાના આદેશમાં કહ્યું કે, ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને ધોરણ ૭ ના વિદ્યાર્થીઓને આપવામાં આવેલી એ જ છૂટછાટ આપવામાં આવે. મુખ્ય ન્યાયાધીશે સુનાવણી દરમિયાન સંકેત આપ્યો હતો કે, પાસ કે નાપાસ નહીં થાય. માત્ર હાજરી પ્રમાણપત્ર જ હશે.

સુનાવણીની શરૂઆતમાં ભારતના સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે, ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને વર્તમાન શૈક્ષણિક વર્ષથી જ આ વ્યવસ્થામાં સામેલ કરવા અંગે સરકાર અદાલતને તેના પક્ષમાં સમજાવવાનો પ્રયાસ કરશે. તેમણે જણાવ્યું કે કુલ ૨૮,૮૧૯ શાળાઓમાંથી લગભગ ૧.૨ ટકા શાળાઓને બાદ કરતાં બાકીની તમામ શાળાઓ આ વ્યવસ્થાને અનુરૂપ છે. તેમના જણાવ્યા મુજબ પુસ્તકો અને અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ છે, અને વિદ્યાર્થીઓએ આ વ્યવસ્થા અપનાવી લીધી છે.

એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ અદાલતને જણાવ્યું કે ધોરણ ૭, ૮ અને ૯ ના વિદ્યાર્થીઓને પહેલાથી જ સંક્રમણકાલીન રાહત આપવામાં આવી ચૂકી છે. આ હેઠળ ૧૦મા ધોરણમાં ત્રીજી ભાષાની કોઈ બોર્ડ પરીક્ષા થશે નહીં.

અરજદારો વતી વરિષ્ઠ એડવોકેટ ગોપાલ શંકરનારાયણને કહ્યું કે, વિદ્યાર્થીઓએ આ વ્યવસ્થાનું પાલન એટલા માટે કર્યું કારણ કે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. તેમણે કહ્યું કે શરૂઆતમાં પાઠ્યપુસ્તકો ઓનલાઈન ઉપલબ્ધ નહોતા. તેમણે એ પણ જણાવ્યું કે ઝમ્જીઈ સાથે લગભગ ૨૮.૮૩ લાખ વિદ્યાર્થીઓ જોડાયેલા છે. તેમનું કહેવું હતું કે, કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન્સ (ICSE) અને સ્ટેટ બોર્ડમાં ભણતા બાળકો પર આવી વ્યવસ્થા લાગુ કરવામાં આવી રહી નથી. તેમણે ધોરણ ૯ માટે આ નીતિને ઓછામાં ઓછી ૨૦૨૭ સુધી સ્થગિત કરવાની માંગ કરી હતી.

### કેન્દ્ર અને NPCIને પાઠવી નોટિસ

# સુપ્રીમ કોર્ટે UPI ચાર્જ પર તાત્કાલિક રોક લગાવવાનો ઈનકાર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે UPI દ્વારા કરવામાં આવતા ચોક્કસ વેપારી પેમેન્ટ્સ પર ચાર્જ લાગુ કરવાની પ્રક્રિયાને તાત્કાલિક અસરથી અટકાવવાનો ઈનકાર કર્યો છે. જોકે, સુપ્રીમ કોર્ટે સંબંધિત પક્ષો, જેવા કે કેન્દ્ર સરકાર, UPI સ્ટીયરિંગ કમિટી અને NPCIને કારણ દર્શક નોટિસ પાઠવીને ચાર સપ્તાહમાં તેનો જવાબ રજૂ કરવા કહ્યું છે. આ મામલાની સુનાવણી ચીફ જસ્ટિસ સૂર્યકાંતના નેતૃત્વવાળી બેન્ચ દ્વારા કરવામાં આવી રહી છે. આ અરજીમાં રૂ.૨,૦૦૦થી વધુના આર્થિક વ્યવહાર પર લાગુ થતા નવા વેપારી ચાર્જ (MDR) ની કાયદેસરતાને પડકારવામાં આવી છે.સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બેન્ચ આજે વકીલ અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશનની સુનાવણી કરી રહી હતી. કાર્યવાહી દરમિયાન, કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ (ASG) એન. વેંકટરામને જણાવ્યું હતું કે, આ ચાર્જ ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવશે. તેમણે નોંધ્યું હતું કે ૯૬% વ્યવહારો આ ચાર્જમાંથી મુક્ત રહેશે અને આવશ્યક સેવાઓ માટે રૂ.૫નો ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે.

ASG એન. વેંકટરામને જણાવ્યું હતું કે, આ ન તો ટેક્સ છે કે ન તો ફી. તેના જવાબમાં જસ્ટિસ સૂર્યકાંતે ટિપ્પણી કરી હતી કે, “અમને આ તથ્યો સોગંદનામા પર જોઈએ છેપ આ મુખ્યત્વે એક તકનીકી બાબત છે.” દરમિયાન, જસ્ટિસ બાગચીએ પૂછ્યું, “શું તે ટેક્સ છે કે ફી છે? જો તે ફી નથી, તો આ લેવી (ચાર્જ) માટેનો વહીવટી આધાર શું છે? કઈ સેવા પૂરી પાડવામાં આવી રહી છે?”

ASG એન. વેંકટરામને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, “આ કોઈ વસૂલાત નથી.” તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ભારત સરકાર આ ચાર્જમાંથી એક રૂપિયો પણ એકત્રિત કરી રહી નથી. તેના બદલે, આ પેમેન્ટ એગ્રીગેટર્સ અને બેંકો વચ્ચેની સેટલમેન્ટ ફી છે. છજીય એ સ્પષ્ટ કર્યું કે જ્યારે બેંકો ઈલેક્ટ્રોનિક વ્યવહારોની પ્રક્રિયા કરે છે ત્યારે તેમને ખર્ચ થાય છે અને તેઓ ક્રેડિટ / ડેબિટ કાર્ડ વ્યવહારો પર શુલ્ક વસૂલે છે, જ્યારે અગાઉ UPI ચૂકવણીઓને આવા શુલ્કમાંથી મુક્તિ આપવામાં આવી હતી. જોકે, સમગ્ર સિસ્ટમના સુચારુ સંચાલન માટે આ શુલ્ક આવશ્યક છે.

નોંધનીય છે કે NPCI એ, આગામી ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવે તે રીતે UPI દ્વારા કરવામાં આવતા રૂપિયા ૨૦૦૦થી વધુની કિંમતની વેપારી ચૂકવણીઓ પર એક શુલ્કખાસ કરીને ‘મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ’ (MDR) લાગુ કરવાનો નિર્ણય લીધો છે. રૂપિયા ૨,૦૦૦ થી વધુની ચૂકવણી માટે ૦.૪ ટકાનો ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે, જેમાં રૂપિયા ૭૫,૦૦૦ કે તેથી વધુની ચૂકવણી માટે મહત્તમ મર્યાદા (cap) રૂપિયા ૩૦૦ રાખવામાં આવી છે. જોકે, સામાન્ય જનતા દ્વારા કરવામાં આવતી UPI ચૂકવણીઓ પર કોઈ શુલ્ક લાદવામાં આવ્યો નથી. સરકારનો દાવો છે કે આ ફેરફારથી લગભગ ૯૬ ટકા વેપારી વ્યવહારો પર કોઈ અસર પડશે નહીં.

નવી સિસ્ટમમાં નાના દુકાનદારોને આ શુલ્કમાંથી મુક્તિ આપવાની જોગવાઈઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. UPI QR કોડ દ્વારા દર મહિને રૂપિયા ૧ લાખ સુધીની રકમ મેળવતા નાના વેપારીઓએ કોઈ પણ શુલ્ક ચૂકવવો નહીં પડે. રેલવે, ટેલિકોમ્યુનિકેશન, વીમા, ઈંધણ અને કૃષિ સામગ્રી જેવા ક્ષેત્રોમાં રૂપિયા ૨,૦૦૦ થી વધુના વ્યવહારો માટે રૂપિયા ૫ નો નિશ્ચિત ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી જનહિત અરજી (PIL) માં આક્ષેપ કરવામાં આવ્યો છે કે રૂપિયા ૨,૦૦૦ થી વધુની UPI વેપારી ચૂકવણીઓ પર શુલ્ક લાદવાનો નિર્ણય પૂરતી કાનૂની સુરક્ષા, પારદર્શિતા કે જાહેર પરામર્શ વિના લેવામાં આવ્યો હતો.

આ અરજી જાન્યુઆરી ૨૦૨૦ થી અમલમાં રહેલી ‘શૂન્ય-શુલ્ક વ્યવસ્થા’ માં ફેરફાર કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારે છે.

સુપ્રીમ કોર્ટે હવે તાત્કાલિક સ્ટે (સ્થગિતતા) આપવાનો ઈનકાર કર્યો છે અને સંબંધિત પક્ષો પાસેથી જવાબ માંગ્યા છે. આનો અર્થ એ છે કે, હાલ પૂરતું, ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવનારી નવી સિસ્ટમ પર કોર્ટ તરફથી કોઈ વચગાળાનો સ્ટે નથી.

### પહાડો પરથી પથ્થરો વરસતા જોઈ જીવ તાળવે ચોંટ્યા

# કેદારનાથ માર્ગ પર ફસાયેલા ૧૫૦૦ શ્રદ્ધાળુઓનું રેસ્ક્યૂ

### SDRF, NDRF અને DDRFની ટીમોએ જોખમી ચીડબાસા વિસ્તારમાંથી શ્રદ્ધાળુઓને ગૌરીકુંડ પહોંચાડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)કેદારનાથ

ઉત્તરાખંડમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને હિમવર્ષાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ કુદરતી આફતના કારણે કેદારનાથ યાત્રા માર્ગ પર અંદાજે ૧૫૦૦ જેટલા શ્રદ્ધાળુઓ ફસાયા હતા, જેમનું સરકાર દ્વારા સફળતાપૂર્વક સુરક્ષિત રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું છે. આ ઉપરાંત, દુર્ગમ કાલિંદી ટ્રેક પર ફસાયેલા ૧૦૦થી વધુ ટ્રેકર્સને બચાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. SDRFના જણાવ્યા અનુસાર, રવિવારની મોડી રાત્રે સોનપ્રયાગ પોલીસને સૂચના મળી હતી કે ગૌરીકુંડથી લગભગ ૩ કિલોમીટર આગળ ચીડબાસા વિસ્તારમાં ભૂસ્ખલનને કારણે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રસ્તાની પેલે પાર ફસાયા છે. ચીડબાસા હેલિપેડ પાસે રસ્તા પર ભારે કાટમાળના થર જામી ગયા હતા અને સતત પથ્થરો પડી રહ્યા હોવાથી સ્થિતિ અત્યંત જોખમી બની હતી. આવી જીવન જોખમમાં મૂકનારી પરિસ્થિતિ વચ્ચે SDRF, NDRF અને DDRFની સંયુક્ત ટીમોએ મોર્ચો સંભાળ્યો હતો અને ભારે સાવધાની રાખીને તમામ શ્રદ્ધાળુઓને સલામત રીતે જોખમી ઝોન પાર કરાવી ગૌરીકુંડ સુધી પહોંચાડ્યા હતા. સતત ભારે વરસાદને કારણે ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા બીજા દિવસે પણ સ્થગિત રાખવામાં આવી છે.બીજી બાજુ, ઉત્તરાખંડના દુર્ગમ કાલિંદી ટ્રેક પર ખરાબ હવામાન અને ભારે બરફવર્ષા વચ્ચે ૧૦૦થી વધુ ટ્રેકર્સ ફસાઈ ગયા છે, જેને બહાર કાઢવા માટે મોટું રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે. કુદરતી આફત સચિવ વિનોદ કુમાર સુમન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, સવારથી જ ૮ હેલિકોપ્ટરોની મદદથી આ રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધી કર્નલ ઓડન બેઝ કેમ્પથી ૨૯ ટ્રેકર્સને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે.

આ ટ્રેકર્સ ૨૩ સપ્ટેમ્બરે આગળ વધ્યા હતા, જ્યારે હવામાન વિભાગ દ્વારા ૨૬ તારીખે જ ખરાબ હવામાનનું એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું હતું. જરૂર પડ્યે ભારતીય વાયુસેનાની મદદ પણ લેવામાં આવશે. આ ઉપરાંત, ઓડેન કોલ ખાતે ફસાયેલા અન્ય ૨૯ ટ્રેકર્સનું પણ હેલિકોપ્ટર દ્વારા રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું છે. રેસ્ક્યૂ કરાયેલા તમામ ટ્રેકર્સને હર્ષિલ હેલિપેડ પર લાવ્યા બાદ પ્રાથમિક સારવાર આપવામાં આવી છે અને હાલ તમામનું સ્વાસ્થ્ય સામાન્ય છે.




# CDSCOની ચેતવણી: પેનકિલર અને એન્ટિબાયોટિક્સ લેવાથી કિડનીને નુકસાન થઈ શકે

### નિષ્ણાતોના મતે આ પ્રકારની દવાઓનો અતિશય અને અનિયમિત સેવન ક્રોનિક કિડની ડિસિઝનું મુખ્ય કારણ બની શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) દ્વારા એક મહત્ત્વપૂર્ણ ચેતવણી જાહેર કરવામાં આવી છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે ડૉક્ટરની સલાહ વગર લાંબા સમય સુધી પેનકિલર (દર્દ નિવારક દવાઓ) અને એન્ટિબાયોટિક્સનો ઉપયોગ કરવાથી કિડનીને ગંભીર નુકસાન થઈ શકે છે. નિષ્ણાતોના મતે આ પ્રકારની દવાઓનો અતિશય અને અનિયમિત સેવન ક્રોનિક કિડની ડિસિઝનું મુખ્ય કારણ બની શકે છે.

સામાન્ય રીતે માથાનો દુખાવો, સાંધાનો દુખાવો કે શરીરમાં થતી સામાન્ય પીડા માટે લોકો કોઈપણ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર સીધી જ મેડિકલમાંથી પેનકિલર ખરીદી લે છે. પરંતુ લાંબા સમય સુધી આવી દવાઓ લેવાથી કિડની પર ખૂબ જ ખરાબ અસર પડે છે. આ અંગે ડૉક્ટરોનું કહેવું છે કે, યુવાઓમાં પણ કિડની ખરાબ થવાના કેસો વધી રહ્યા છે, જેનું મોટું કારણ લાંબા સમય સુધી પેનકિલરનું સેવન છે. ગંભીર કેસોમાં દર્દીઓને ડાયાલિસીસ પર રાખવાની નોબત પણ આવી જાય છે. જો સામાન્ય દર્દ હોય તો મહિનામાં એક કે બે દિવસ દવા લઈ શકાય, પરંતુ સતત દુખાવા માટે હંમેશા ડૉક્ટરની સલાહ લેવી અનિવાર્ય છે. માત્ર પેનકિલર જ નહીં, પરંતુ શરદી, ખાંસી કે સામાન્ય વાયરલ ઈન્ફેક્શનમાં પણ લોકો જાતે જ એન્ટિબાયોટિક્સ ખાવા લાગે છે, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. CDSCO સ્પષ્ટ કર્યું છે કે દરેક સંક્રમણમાં એન્ટિબાયોટિક્સની જરૂર હોતી નથી. કયા રોગમાં કઈ દવા અને કેટલા દિવસ માટે લેવી તે માત્ર ડૉક્ટર જ દર્દીની સ્થિતિ જોઈને નક્કી કરી શકે છે, તેથી સેલ્ફ-મેડિકેશન (જાતે દવા લેવાથી) બચવું ખૂબ જરૂરી છે.

# તંત્રી લેખ......

## નબળા ચોમાસા વચ્ચે ગુજરાતના અનેક જળાશયોમાં પાણીની અછત

ગુજરાતમાં નબળા ચોમાસાની અસર હવે જળાશયોના જળસ્તર પર પણ જોવા મળી રહી છે. રાજ્યના ૧૦૮ જળાશયોમાં ૫૦ ટકાથી ઓછો પાણીનો જથ્થો નોંધાયો છે.

જ્યારે ૭૨ જળાશયોમાં જળસ્તર ૨૫ ટકાથી પણ નીચે પહોંચી ગયું છે. રાજ્યમાં હાલ ૩૨ જળાશયો છલોછલ ભરાયેલા છે, જોકે અનેક વિસ્તારોમાં પાણીના સંગ્રહને લઈને ચિંતા યથાવત છે.

ઝોન પ્રમાણે જોવામાં આવે તો કચ્છમાં જળાશયોમાં સૌથી ઓછો ૩૨.૬૧ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. કચ્છ બાદ ઉત્તર ગુજરાતમાં પણ જળસંગ્રહનું પ્રમાણ ઓછું છે. ઉત્તર ગુજરાતના જળાશયોમાં હાલ ૪૬.૬૯ ટકા પાણીનો જથ્થો નોંધાયો છે.

બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં જળાશયોની સ્થિતિ અન્ય ઝોનની સરખામણીએ સારી છે. દક્ષિણ ગુજરાતમાં ૮૫ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે રાજ્યમાં સૌથી વધુ છે. મધ્ય ગુજરાતમાં જળાશયોમાં ૭૨.૧૬ ટકા પાણીનો સંગ્રહ નોંધાયો છે. સૌરાષ્ટ્રના જળાશયોમાં હાલ ૫૧.૮૪ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જોકે સમગ્ર રાજ્યમાં ૧૦૮ જળાશયોમાં ૫૦ ટકાથી ઓછું જળસ્તર અને ૭૨ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછું પાણી હોવાથી આગામી સમયમાં જળસંગ્રહની સ્થિતિ મહત્વપૂર્ણ બની રહેશે. ગુજરાત માટે રાહતની વાત એ છે કે સરદાર સરોવર જળાશયમાં ૯૯ ટકા જળસ્તર નોંધાયું છે. જોકે રાજ્યના અન્ય જળાશયોમાં પાણીના જથ્થામાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. ખાસ કરીને કચ્છ અને ઉત્તર ગુજરાતના જળાશયોમાં ઓછા જળસંગ્રહને કારણે આગામી સમય માટે પાણીના આયોજન પર નજર રહેશે.

# મુખ્ય ચુંટણી કમિશ્નર અને એસઆઈઆર ના મુદ્દે વડોદરા, રાજકોટ, સુરત, ભરૂચ અને જામનગરમાં ઠેર ઠેર કોંગ્રેસ નું પ્રદર્શન

## વડોદરામાં કલેકટર કચેરીએ પુતળાદહનનો પ્રયાસ : રાજકોટમાં જ્ઞાનેશકુમારનું મુખોટું પહેરાવી કાર્યકરને દોરડાથી બાંધ્યો : ભરૂચમાં મુમતાજ પટેલ સહિત કાર્યકરોની અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મુખ્ય ચુંટણી કમિશ્નર અને એસઆઈઆર ના મુદ્દે દેશ સહિત ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો યોજવામાં આવી રહ્યા છે. વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર અને જામનગરમાં આજે સોમવારે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યુ હતું.

જેમાં જામનગરમાં કોંગીજનોના ધરણા લાલ બંગલા સર્કલ ખાતે શહેર કોંગ્રેસ અને કલેકટર કચેરી ખાતે જિલ્લા કોંગ્રેસ દ્વારા જ્ઞાનેશકુમાર સામે ઉગ્ર વિરોધ કરાયો હતો. ભારતના ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમાર સામે દેશભરમાં કોંગ્રેસ અને સાથી પક્ષો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં પણ ઠેર ઠેર દેખાવો યોજાઈ રહ્યા છે. આ વિરોધનો રેલો આજે જામનગરમાં પહોચ્યો હતો. જેમાં શહેર / જિલ્લા કોંગ્રેસ કાર્યકરો દ્વારા અલગ અલગ સ્થળે ધરણા અને સુત્રોચ્ચાર કરીને વિરોધ કરવામાં આવ્યો હતો. જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ શહેર કોંગ્રેસ કાર્યકરોએ પણ વિરોધનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. તે અનુસાર જામનગરના લાલબંગલા સર્કલ ખાતે શહેર કોંગ્રેસ સંગઠન પાંખ તથા નગરસેવકો અને આગેવાનો દ્વારા ધરણા યોજી જ્ઞાનેશકુમાર નુ રાજીનામુ માંગવામાં આવ્યુ હતું.




તો બીજી તરફ ભરૂચમાં પણ મતદાર યાદીની એસઆઈઆર પ્રક્રિયાને લઈને ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે ભરૂચમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકરો કલેકટર કચેરી બહાર એકઠા થયા હતા. મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમાર ના રાજીનામા તેમજ કાનુની કાર્યવાહીની માંગ સાથે સુત્રોચ્ચાર કર્યા હતા.

૨૮ સપ્ટેમ્બર દેશના વિવિધ ભાગોમાં કોંગ્રેસ દ્વારા એસઆઈઆર અને ચુંટણીપંચની કામગીરીને લઈને વિરોધ પ્રદર્શન યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. કોંગ્રેસે જિલ્લા કક્ષાએ કલેકટર કચેરીઓ સુધી વિરોધ માર્ચ યોજવાની વાત અગાઉ કરી હતી. ભરૂચમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં સ્વર્ગીય અહેમદ પટેલના પુત્રી મુમતાઝ પટેલ , જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા, શહેર પ્રમુખ સલીમ અમદાવાદી, પૂર્વ પ્રમુખ પરીમલસિંહ રાણા, મીડીયા પ્રવકતા નાઝુ ફડવાલા અને શેરખાન પઠાણ સહિત કોંગ્રેસના આગેવાનો તથા કાર્યકરો જોડાયા હતા. તો બીજી તરફ વડોદરામાં પણ આ પ્રદર્શન યોજવામાં આવ્યુ હતું. જેમાં ૧૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. કાર્યકરોએ કલેકટર કચેરી બહાર એકત્ર થઈને ભારે સુત્રોચ્ચાર સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યુ હતું. આ દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ ચુંટણીપંચનુ પુતળુ બાળવાનો પ્રયાસ કરતા પોલીસ અને કાર્યકરો વચ્ચે તીવ્ર ઘર્ષણ અને ધકકામુકકી ના દ્રશ્યો સર્જાયા હતા. સ્થિતિ વણસતા પોલીસે તાત્કાલીક દરમિયાનગીરી કરીને ૧૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી. તો બીજી તરફ કોંગ્રેસના નેતાઓએ કલેકટરને આવેદનપત્ર પાઠવીને ચુંટણીપંચની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

તો બીજી તરફ રાજકોટમાં પણ મતદાર યાદીની એસઆઈઆર પ્રક્રિયાને લઈને કોંગ્રેસ અને ચુંટણીપંચ વચ્ચે ચાલી રહેલા વિવાદની અસર રાજકોટમાં પણ જોવા મળી હતી. રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આજે ૨૮ સપ્ટેમ્બરે એસઆઈઆર મુદ્દે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. વિરોધ દરમિયાન એક યુવા કાર્યકરને મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમાર નુ મુખોટું પહેરાવવામાં આવ્યુ હતું. અને દોરડાથી બાંધીને પ્રતિકાત્મક વિરોધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કાર્યકરને સાથે રાખીને કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો કલેકટર કચેરી તરફ પહોચ્યા હતા અને આવેદનપત્ર આપ્યુ હતું. એસઆઈઆર ની પ્રક્રિયા દરમિયાન મતદાર યાદીઓમાંથી મોટી સંખ્યામાં નામો દુર થવાના મુદ્દે કોંગ્રેસ સતત સવાલો ઉઠાવી રહી છે. મીડીયાના અહેવાલ મુજબ રાષ્ટ્રીય સ્તરે એસઆઈઆર હેઠળ ૧૩ કરોડથી વધુ નામો ડ્રાફટ મતદાર યાદીઓમાંથી દુર કરવામાં આવ્યા છે.

અહેવાલમાં એવુ પણ જણાવાયુ છે કે ચુંટણીપંચના બે ચુંટણી કમિશ્નરોએ છેલ્લા ૧૦ મહિનામાં વિવિધ નિર્ણયો અંગે ઓછામાં ઓછા ૧૪ વખત વાંધા નોંધાવ્યા હતા.

### અમદાવાદની સમરસ ગર્લ્સ હોસ્ટેલ વિવાદમા

## પાણીમાંથી ગરોળી બાદ જમવામાં કાનખજૂરો નીકળ્યાનો આક્ષેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી પાસે આવેલી સરકારી સમરસ ગર્લ્સ હોસ્ટેલ વિવાદમાં સપડાઈ છે. અહીં રહેતી વિદ્યાર્થીનીઓને આપવામાં આવતા ભોજનમાં જીવાત અને કાનખજૂરો નીકળ્યાનો આક્ષેપ વિદ્યાર્થીનીઓએ કર્યો છે અને આ મામલે વિદ્યાર્થીનીઓએ હોબાળો મચાવ્યો હતો. વિદ્યાર્થીનીઓનો આક્ષેપ છે કે આ પહેલીવારની ઘટના નથી, જમવામાં અગાઉ પણ જીવાત નીકળતી હોવાની ફરિયાદ કરી છે. બીજી તરફ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા તાત્કાલિક એજન્સીને બ્લેક લિસ્ટ કરવાની માંગ કરી છે.

અમદાવાદની સરકારી સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં ભોજનમાં જીવાત નીકળતા વિદ્યાર્થીનીઓએ હોબાળો મચાવ્યો હતો. અનેકવાર ભોજન પ્રદૂષિત આવતું હોવાની તેમજ અહીં પીવાનું પાણી પણ પ્રદૂષિત આવતું હોવાની ફરિયાદ વિદ્યાર્થીનીઓ કરી ચૂકી છે. એટલું જ નહીં, થોડા દિવસ પહેલા જ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીનીઓને શુદ્ધ ભોજન મળે તે પ્રકારની રજૂઆત પણ સમરસ હોસ્ટેલના અધિકારીને કરવામાં આવી હતી. આ ઘટનાને હજુ થોડા દિવસો જ વીત્યા છે ત્યાં સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીનીઓને આપવામાં આવતા ભોજનમાં જીવાત અને કાનખજૂરા જેવી જીવાત નીકળ્યાનો આક્ષેપ વિદ્યાર્થીનીઓ દ્વારા થયો છે જેના પગલે સમરસ ગર્લ્સ હોસ્ટેલ વિવાદમાં સપડાઈ છે. વિદ્યાર્થીનીઓ દ્વારા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદને સાથે રાખીને હોસ્ટેલમાં ઉગ્ર વિરોધ કર્યો હતો.ભોજનમાં જીવાત નીકળે છે, કાનખજૂરો પણ નીકળ્યો હતો. એ વાત વોર્ડનને કરતા તેઓએ એ વિદ્યાર્થીનીનું ભોજન મુકાવી દીધું હતું પરંતુ અન્ય વિદ્યાર્થીનીઓને એ ભોજન જમતા રોક્યા ન હતા. અમને જે ભેળસેળવાળું ભોજન પીરસવામાં આવે છે તેમાં જીવાત નીકળે તેનો વિદ્યાર્થીઓને ફોટો પણ પાડવા દેતા નથી. આ ઉપરાંત હોસ્ટેલમાં પીવાનું શુદ્ધ પાણી પણ મળતું નથી. પીવાના પાણીમાં ગરોળી નીકળ્યાના પણ દાખલા છે છતાં હોસ્ટેલ સંચાલકો દ્વારા કોઈપણ પ્રકારના પગલા લેવામાં આવતા નથી.

બીજી તરફ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના આગેવાનોએ પણ હોસ્ટેલ સંચાલકોનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને તાત્કાલિક અસરથી સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં ભોજનની સેવા પૂરી પાડતી પ્રમુખ ભોજન એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી છે. આ ઉપરાંત વિદ્યાર્થીનીઓને જે ભોજન આપવામાં આવે છે તેનું મેનુ પણ ચેન્જ કરવાની રજૂઆત તાત્કાલિક અસરથી કરી છે. તો વળી હોસ્ટેલના અધિકારી ઉર્વશી દેસાઈએ જણાવ્યું કે પ્રમુખ ભોજન એજન્સી એક વર્ષથી કાર્યરત છે. ગત મહિને જ એજન્સીને ત્રણ વાર નોટિસ આપવામાં આવી હતી. જ્યારે જ્યારે પણ વિદ્યાર્થીનીઓની ફરિયાદ મળે છે ત્યારે એજન્સીને નોટિસ આપવામાં આવે છે.

મહત્વનું છે કે સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં ૮૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ રહે છે અને હજુ પણ હોસ્ટેલમાં એડમિશન આપવાના ચાલુ છે. તેવામાં અનેકવાર વિદ્યાર્થીનીઓ દ્વારા ભોજનમાં જીવાત નીકળવાની ફરિયાદ હોવા છતાં હોસ્ટેલ સંચાલકો માત્ર અને માત્ર નોટિસ આપીને જ સંતોષ માની રહ્યા હોય તે પ્રકારનું સામે આવ્યું છે જેને પગલે હવે એજન્સી સામે કડકમાં કડક કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી છે.

## અમદાવાદ મંડળ દ્વારા 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અંતર્ગત રમતગમત પ્રવૃત્તિઓ, સ્વચ્છતા તથા 'સ્વચ્છતા સે સમૃદ્ધિ' અભિયાનનું આયોજન

અમદાવાદઃ રાષ્ટ્રવ્યાપી 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અભિયાન અંતર્ગત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, કચરા વ્યવસ્થાપન તથા જનભાગીદારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત ૨૫ અને ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન રમતગમતની પ્રવૃત્તિઓના માધ્યમથી સ્વચ્છતા તથા કાર્યક્રમો બાદ સ્વચ્છતા સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જ્યારે ૨૮ અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ 'સ્વચ્છતા સે સમૃદ્ધિ' અંતર્ગત રેલવે સ્ક્રેપના પુનઃઉપયોગ, પ્લાસ્ટિક કચરાના પુનઃચક્રણ તથા અધિકૃત રિસાયકલર્સ સાથે અસરકારક કચરા વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૫ અને ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ 'Sports for Swachhta & Post-Event Cleanliness' અંતર્ગત રેલવે રમતગમત સંકુલો તથા રમતના મેદાનોમાં આયોજિત રમતગમતની પ્રવૃત્તિઓને ઝીરો-વેસ્ટ બનાવવાની દિશામાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. રમતગમતના કાર્યક્રમો દરમિયાન ઉત્પન્ન થતા કચરાને ન્યૂનતમ રાખવા તથા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્થળ પર સામૂહિક સ્વચ્છતા અભિયાન હાથ ધરી પરિસરને સ્વચ્છ રાખવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ માધ્યમથી રમતગમત સાથે સ્વચ્છતા તથા પર્યાવરણીય જવાબદારીને જોડીને સહભાગીઓ અને ઉપસ્થિત લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.




અભિયાન અંતર્ગત ગણેશ વિસર્જન જેવા ઉત્સવો બાદ રેલવેની જમીન પર આવેલા જળાશયો તથા તેની આસપાસના વિસ્તારોની સ્વચ્છતા પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. જળાશયોની આસપાસ એકત્રિત થયેલા કચરાને દૂર કરવા તથા સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરવાની સાથે ફૂલો તથા અન્ય જૈવિક કચરાના કમ્પોસ્ટિંગને પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું. આ પહેલનો ઉદ્દેશ ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમો બાદ ઉત્પન્ન થતા જૈવિક કચરાનું પર્યાવરણને અનુકૂળ રીતે વ્યવસ્થાપન કરવાનો છે.

૨૮ અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ 'સ્વચ્છતા સે સમૃદ્ધિ' અભિયાન અંતર્ગત 'કબાડ સે જુગાડ/ કબાડ સે કલા'ની સંકલ્પનાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત રેલવેની બિનઉપયોગી તથા સ્ક્રેપ સામગ્રી, જેમ કે જૂના સિગ્નલિંગ ઉપકરણો, કોચના પાર્ટ્સ તથા અન્ય ધાતુના સ્ક્રેપને રચનાત્મક રીતે ઉપયોગી વસ્તુઓ તથા કલાત્મક કૃતિઓમાં પરિવર્તિત કરવાની દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. આવી ઉપયોગી વસ્તુઓ તથા કલા સ્થાપનાઓને રેલવે સ્ટેશનો, રેલવે કોલોનીઓ તથા વર્કશોપમાં પ્રદર્શિત કરવાનો હેતુ કચરાના પુનઃઉપયોગ પ્રત્યે જાગૃતિ વધારવાનો તથા સ્વચ્છતાને સર્જનાત્મકતા સાથે જોડવાનો છે. આ ઉપરાંત, પ્લાસ્ટિક રિસાયક્લિંગ પહેલ અંતર્ગત મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન કરતા સ્થળો, જેમ કે રેલવે સ્ટેશનો અને કેન્ટીનને અધિકૃત પ્લાસ્ટિક રિસાયકલર્સ સાથે જોડવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ પહેલ દ્વારા સ્ટેશન પરિસર તથા રેલવે કોલોનીઓમાંથી એકત્રિત થતા પ્લાસ્ટિક કચરાના યોગ્ય સંગ્રહ, અલગ કરવું તથા પુનઃચક્રણની પ્રક્રિયાને વધુ સુદ્દઢ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

અભિયાન અંતર્ગત સ્ટેશનો તથા રેલવે કોલોનીઓમાંથી એકત્રિત કરવામાં આવતા પ્લાસ્ટિક કચરાને અધિકૃત રિસાયકલર્સ સુધી પહોંચાડવા માટેના ફોરવર્ડ લિંકેજને મજબૂત કરવાની દિશામાં પણ કામગીરી કરવામાં આવી રહી છે. તેનાથી પ્લાસ્ટિક કચરાના વૈજ્ઞાનિક તથા પર્યાવરણને અનુકૂળ નિકાલને સુનિશ્ચિત કરવાની સાથે કચરાને સંસાધન તરીકે પુનઃઉપયોગમાં લેવાની વ્યવસ્થાને પણ પ્રોત્સાહન મળશે. અમદાવાદ મંડળ દ્વારા 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અંતર્ગત આયોજિત આ પ્રવૃત્તિઓ સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, કચરાના પુનઃચક્રણ, પુનઃઉપયોગ તથા જનભાગીદારીનો સંદેશ અસરકારક રીતે આગળ ધપાવી રહી છે. રમતગમતની પ્રવૃત્તિઓને ઝીરો-વેસ્ટ બનાવવાથી લઈને રેલવેના સ્ક્રેપનો રચનાત્મક ઉપયોગ કરવા તથા પ્લાસ્ટિક કચરાના પુનઃચક્રણ સુધી, મંડળ દ્વારા સ્વચ્છ, હરિત અને ટકાઉ રેલવે પરિસરના નિર્માણની દિશામાં સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### પ્રેમના નામે અનેકવાર દુષ્કર્મ આચર્યું ને લગ્ન પણ કર્યા

## ૩ બાળકોનો પિતા કુંવારો બનીને રમી ગયો મોટી ગેમ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં સાત વર્ષ જૂના પ્રેમસંબંધ અને લગ્ન બાદ એક સનસનાટીભર્યો ખુલાસો સામે આવ્યો છે. પરણિત અને ત્રણ બાળકોના પિતાએ પોતે અવિવાહિત હોવાનું જૂઠું બોલીને એક યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ યુવતી સાથે શારીરિક સંબંધો બાંધી કોર્ટમાં રજિસ્ટર મેરેજ પણ કરી લીધા હતા. આ સમગ્ર બાબતની જાણ યુવકની પહેલી પત્ની અને પરિવારજનોને થતાં મોટો હંગામો મચ્યો હતો, જે બાદ ભોગ બનનાર યુવતીએ નારોલ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, નારોલ જૂની કોર્ટ પાસે રહેતી ૨૬ વર્ષીય યુવતીનો પરિચય આશરે સાત વર્ષ પહેલાં વટવા ખાતે જોગણી માતાના મંદિરે એક ધાર્મિક પ્રસંગ દરમિયાન વટવાના સરણીયાવાસમાં રહેતા રવિ ચતુરભાઈ સરણિયા સાથે થયો હતો. આ મુલાકાત બાદ બંને વચ્ચે અવારનવાર ફોન પર વાતો થવા લાગી હતી અને જોતજોતામાં બંને વચ્ચે ગાઢ પ્રેમસંબંધ બંધાયો હતો. યુવકે પોતાની અસલી ઓળખ અને વિવાહિત જીવન અંગેની વિગતો યુવતીથી સંપૂર્ણપણે છુપાવી રાખી હતી.

વર્ષ ૨૦૧૯માં રવિ યુવતીને લગ્નની લાલચ આપીને ઓઢવની એક હોટલમાં લઈ ગયો હતો, જ્યાં તેણે લગ્ન કરવાનો ભરોસો આપી યુવતી સાથે પ્રથમવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ પણ તે યુવતીને પ્રેમજાળમાં રાખીને સતત વાયદાઓ કરતો રહ્યો હતો. આખરે ૨૫ એપ્રિલ ૨૦૨૩ના રોજ રવિએ ઘીકાંટા ખાતે ગોરમહારાજની હાજરીમાં યુવતી સાથે ધાર્મિક વિધિથી લગ્ન કર્યા હતા અને તેના પછીના જ દિવસે એટલે કે ૨૬ એપ્રિલ ૨૦૨૩ના રોજ દરિયાપુર વોર્ડ ઓફિસમાં તેના સત્તાવાર લગ્નનું રજિસ્ટ્રેશન પણ કરાવ્યું હતું.

આ સમગ્ર છેતરપિંડીનો પર્દાફાશ જુલાઈ ૨૦૨૬માં થયો, જ્યારે રવિના પરિવારજનો અચાનક નારોલ ખાતે યુવતીના ઘરે પહોંચી ગયા હતા. પરિવારજનોએ યુવતી અને તેની માતા સાથે ભારે માથાકૂટ કરીને ઝઘડો કર્યો હતો અને જણાવ્યું હતું કે રવિ પહેલાથી જ પરણિત છે તથા તેને પહેલી પત્નીથી ત્રણ બાળકો પણ છે. આ સાંભળીને યુવતીના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. પોતાની સાથે સત્તાવાર રીતે છેતરપિંડી અને વિશ્વાસઘાત થયો હોવાની ખાતરી થતાં જ પીડિતાએ હિંમત ભેગી કરીને નારોલ પોલીસ સ્ટેશનમાં રવિ સરણિયા વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે, જેના આધારે પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## રાણપુર અને બરવાળા APMC ના ચેરમેન-ડે. ચેરમેનની બિનહરીફ વરણી

(સંપૂર્ણ સમાચાર સેવા)બોટાદ

બોટાદ જિલ્લાની મહત્વપૂર્ણ ગણાતી રાણપુર અને બરવાળા એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી (APMC) ની ચૂંટણી તાજેતરમાં જ સફળતાપૂર્વક યોજાઈ હતી. બંને માર્કેટ યાર્ડના સંચાલન માટે ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનની ચૂંટણી અને વરણીની પ્રક્રિયા આજે હાથ ધરવામાં આવી હતી. જેમાં તમામ હોદ્દાઓ પર બિનહરીફ વરણી થતાં સમગ્ર સહકારી ક્ષેત્રમાં હરખની હેલી જોવા મળી રહી છે.

બરવાળા APMC માં ચેરમેન તરીકે સુરેશભાઈ ગઢીયા અને ડેપ્યુટી ચેરમેન તરીકે દિલાવરસિંહ ઝાલા ની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી છે. બીજી તરફ, રાણપુર APMC માં ચેરમેન તરીકે કિશોરભાઈ ધાધલ અને ડેપ્યુટી ચેરમેન તરીકે લખમણભાઈ મેટાલીયા બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. વરણી પ્રક્રિયા પૂર્ણ થતાં જ ચૂંટણી અધિકારી દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનના નામોની જાહેરાત થતાં જ માર્કેટ યાર્ડ પરિસરમાં સ્થાનિક નેતાઓ, ખેડૂત આગેવાનો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

નવનિયુક્ત પદાધિકારીઓને ફુલહાર પહેરાવી અને મોં મીઠું કરાવીને બિનહરીફ વરણી બદલ શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### વડોદરા મંડળની મહત્વપૂર્ણ સિદ્ધિ

## સપ્ટેમ્બર મહિનાના મુસાફર આવકના લક્ષ્યાંકને સમય કરતાં વહેલું હાંસલ કરીને ૪ ટકાની વધુ આવક નોંધાવી છે

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના કુશળ નેતૃત્વ હેઠળ મુસાફર આવકના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. મંડળે સપ્ટેમ્બર ૨૦૨૬ માટે નિર્ધારિત માસિક મુસાફર આવકનો લક્ષ્યાંક માસની સમાપ્તિના ૪ દિવસ પહેલાં જ હાંસલ કરી લીધો છે. મંડળે ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં કુલ રૂ.૬૭.૪૦ કરોડની મુસાફર આવક મેળવી છે, જ્યારે સપ્ટેમ્બર માસ માટે નિર્ધારિત લક્ષ્યાંક રૂ.૬૪.૮૮ કરોડ હતો. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી રાજેશ મથુરિયાએ વાણિજ્ય વિભાગની આ સિદ્ધિ અંગે જણાવ્યું કે, મંડળે મુસાફર આવકના ક્ષેત્રમાં નિર્ધારિત લક્ષ્યાંક કરતાં રૂ.૨.૫૨ કરોડ એટલે કે ૩.૮૮% વધુ આવક મેળવી છે. આ સિદ્ધિ મંડળ દ્વારા મુસાફર સુવિધાઓમાં સતત સુધારો, અસરકારક ટિકિટ તપાસ, આવક વધારવા માટે કરવામાં આવી રહેલા વિવિધ પ્રયાસો તેમજ રેલ મુસાફરોને વધુ સારી સેવાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં કરવામાં આવી રહેલા સતત કાર્યોને દર્શાવે છે. મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના કુશળ નેતૃત્વ અને વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી રાજેશ મથુરિયાના માર્ગદર્શન હેઠળ વડોદરા મંડળના વાણિજ્ય વિભાગ દ્વારા મુસાફર સેવાઓને વધુ સુવિધાજનક બનાવવા, ટિકિટ વિના મુસાફરી પર અંકુશ મૂકવા તથા મુસાફર આવકમાં વધારો કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મંડળના અધિકારીઓ અને કર્મચારીઓના સંકલિત પ્રયાસો તથા કાર્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાના કારણે આ મહત્વપૂર્ણ સિદ્ધિ શક્ય બની છે.

વડોદરા મંડળ મુસાફરોને સુરક્ષિત, સુગમ અને વધુ સારી રેલ સેવાઓ પ્રદાન કરવાની સાથે સાથે આવકના નિર્ધારિત લક્ષ્યાંકોથી આગળ વધવા માટે સતત પ્રયત્નશીલ છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ભાવનગર મંડળ RPFની સતર્કતા અને નિયમિત દેખરેખથી ભાવનગરની રેલવે કોલોનીઓમાં સુરક્ષા વ્યવસ્થા સુદૃઢ, વર્ષ ૨૦૨૬માં ૩૭૫ કેસોમાં નિયમોનુસાર કાર્યવાહી



રેલવે પરિસરમાં સુરક્ષિત, સુવ્યવસ્થિત અને શિસ્તબદ્ધ વાતાવરણ જાળવવાના હેતુથી ભાવનગર મંડળના ભાવનગર ટર્મિનસ સ્થિત રેલવે સુરક્ષા દળ (RPF) પોસ્ટ દ્વારા સતત અસરકારક સુરક્ષા ઉપાયો હાથ ધરવામાં આવી રહ્યા છે. મંડળ રેલ પ્રબંધક, ભાવનગર, શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ અને મંડળ સુરક્ષા આયુક્ત, ભાવનગર, શ્રી અજય શર્માની દેખરેખ હેઠળ ભાવનગર ટર્મિનસ RPF પોસ્ટ દ્વારા ભાવનગરની મેડિકલ કોલોની સહિત વિવિધ રેલવે કોલોનીઓ અને રેલવે પરિસરમાં નિયમિત પેટ્રોલિંગ, દેખરેખ અને તપાસ કરવામાં આવી રહી છે. ભાવનગરની રેલવે કોલોનીઓમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે RPF દ્વારા રેલ કર્મચારીઓ અને તેમના પરિવારો સાથે સુરક્ષા સંબંધિત વિષયો અંગે સંવાદ કરવામાં આવી રહ્યો છે. સાથે જ, વિવિધ વિસ્તારોમાં સંયુક્ત નિરીક્ષણ દ્વારા સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી રહી છે, જેથી રેલ કર્મચારીઓ અને તેમના પરિવારોને સુરક્ષિત અને વધુ સારું વાતાવરણ ઉપલબ્ધ કરાવી શકાય.

RPF દ્વારા રેલવે કોલોનીઓ અને અન્ય રેલવે પરિસરમાં અનધિકૃત પ્રવેશ, શંકાસ્પદ પ્રવૃત્તિઓ, નો-પાર્કિંગ વિસ્તારમાં વાહનોનું પાર્કિંગ તેમજ રેલવે નિયમોના ઉલ્લંઘન પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે. રેલવે પરિસરમાં નિયમોનું ઉલ્લંઘન જણાય ત્યારે રેલવે અધિનિયમની જોગવાઈઓ હેઠળ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**વર્ષ ૨૦૨૬માં ૩૭૫ કેસોમાં કાયદેસરની કાર્યવાહી**

ભાવનગર ટર્મિનસ RPF દ્વારા વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધી કુલ ૩૭૫ કેસોમાં નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તેમાં રેલવે અધિનિયમની વિવિધ કલમો હેઠળ કરવામાં આવેલી કાર્યવાહીનો સમાવેશ થાય છે.

રેલ સેવકના આદેશની અવગણના કરીને નો-પાર્કિંગ વિસ્તારમાં અનધિકૃત રીતે વાહન પાર્ક કરવાના ૧૪૬ કેસોમાં રેલવે અધિનિયમની કલમ ૧૫૯ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. તેવી જ રીતે, રેલવે પરિસરમાં ન્યૂસન્સ કરનાર વ્યક્તિઓ વિરુદ્ધ કલમ ૧૪૫ હેઠળ ૧૧ કેસો તથા અનધિકૃત રીતે રેલવે પરિસરમાં પ્રવેશ કરનાર વ્યક્તિઓ વિરુદ્ધ કલમ ૧૪૭ હેઠળ ૨૧૮ કેસોમાં કાર્યવાહી કરવામાં આવી છે.

આ રીતે વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધી કુલ ૩૭૫ કેસોમાં રેલવે નિયમો અનુસાર કાયદેસરની કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવી છે.

**નિયમોના પાલન સાથે જાગૃતિ પર પણ ભાર**

ભાવનગર મંડળ RPF દ્વારા સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવાની સાથે રેલ કર્મચારીઓ અને સામાન્ય જનતાને રેલવે સુરક્ષા નિયમો અંગે જાગૃત કરવા પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. નિયમિત પેટ્રોલિંગ અને દેખરેખ દ્વારા સંભવિત અનિચ્છનીય પ્રવૃત્તિઓને રોકવા તથા જરૂરિયાત સમયે તાત્કાલિક કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

રેલવે કોલોનીઓ અને રેલવે પરિસરને સુરક્ષિત, સ્વચ્છ, વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ બનાવવામાં રેલ કર્મચારીઓ તેમજ સામાન્ય જનતાની ભાગીદારી પણ મહત્વપૂર્ણ છે. આ હેતુસર RPF દ્વારા સુરક્ષા સંબંધિત વિષયો અંગે જાગૃતિ અને સંવાદને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

**મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માની જનઅપીલ**

મંડળ રેલ પ્રબંધક, ભાવનગર, શ્રી દિનેશ વર્માએ રેલ કર્મચારીઓ અને સામાન્ય જનતાને અપીલ કરી છે કે રેલવે પરિસરને સુરક્ષિત અને વ્યવસ્થિત જાળવવામાં રેલવે પ્રશાસનને સહયોગ આપે. અનધિકૃત રીતે રેલવે પરિસરમાં પ્રવેશ ન કરે, નો-પાર્કિંગ વિસ્તારમાં વાહન પાર્ક ન કરે તેમજ રેલવેના સુરક્ષા અને શિસ્ત સંબંધિત નિયમોનું પાલન કરે. કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અથવા સુરક્ષા સંબંધિત બાબતની જાણ તાત્કાલિક રેલવે સુરક્ષા બળ અથવા સંબંધિત રેલવે અધિકારીઓને કરે. સામૂહિક સહયોગ અને જાગૃતિ દ્વારા રેલવે પરિસરને વધુ સુરક્ષિત અને સુવ્યવસ્થિત બનાવી શકાય છે.

ભાવનગર ટર્મિનસ RPF દ્વારા રેલવે પરિસરની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને નિયમિત પેટ્રોલિંગ, સતત દેખરેખ અને અસરકારક અમલવારીની કાર્યવાહી આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે. રેલ કર્મચારીઓ, તેમના પરિવારો અને સામાન્ય જનતાની સુરક્ષા માટે સતર્કતા, જાગૃતિ અને સહભાગિતા દ્વારા સુરક્ષિત રેલવે વાતાવરણ સુનિશ્ચિત કરવાની દિશામાં ભાવનગર મંડળ પ્રતિબદ્ધ છે.

# ભાવનગર મંડળના ૦૫ કર્મચારીઓને DRM સુરક્ષા પુરસ્કારથી સન્માનિત સતર્કતા, કર્તવ્યનિષ્ઠા અને ત્વરિત કાર્યવાહીના કારણે સંભવિત રેલ અકસ્માતો ટળ્યા



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં સુરક્ષિત રેલ પરિચાલનમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર પાંચ (૦૫) કર્મચારીઓને તેમની અસાધારણ સતર્કતા, કર્તવ્યનિષ્ઠા અને ત્વરિત નિર્ણયક્ષમતા બદલ વરિષ્ઠ મંડળ પરિચાલન પ્રબંધક શ્રી સુનિલ કુમાર ગુપ્તાની ભલામણ પર મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા DRM સુરક્ષા પુરસ્કાર (DRM Safety Award)થી સન્માનિત કરવામાં આવ્યા. આ સન્માન સમારોહ મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, ભાવનગર પરા ખાતે યોજાયો હતો, જ્યાં તમામ સન્માનિત કર્મચારીઓને પ્રશસ્તિપત્ર અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

સન્માનિત કર્મચારીઓમાં શ્રી અનિલ કુમાર (ઉપ સ્ટેશન અધિક્ષક-લીંબડી), શ્રી રાજુ સિંહ (કાંટેવાળા-ચુડા), શ્રી રાજેન્દ્ર સિંહ રાવ (કાંટેવાળા-લીંબડી), શ્રી ઘનશ્યામ સી. (કાંટેવાળા-લાઠીદડ) અને શ્રી જોગિન્દર કુમાર (ગેટમેન/ભૂતપૂર્વ સૈનિક-ગાંધીગ્રામ)નો સમાવેશ થાય છે. આ તમામ કર્મચારીઓએ ફરજ દરમિયાન પોતાની સતર્કતા અને ત્વરિત કાર્યવાહી દ્વારા સંભવિત રેલ અકસ્માતોને ટાળી સુરક્ષિત રેલ પરિચાલન સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે મંડળ રેલ પ્રબંધકે પુરસ્કાર પ્રાપ્ત કરનાર કર્મચારીઓની પ્રશંસા કરતાં તેમને ભાવનગર મંડળના તમામ રેલ કર્મચારીઓ માટે પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠા, સતર્કતા અને સેવા પ્રત્યેનું સમર્પણ જ સુરક્ષિત રેલ પરિચાલનનો સૌથી મજબૂત આધારસ્તંભ છે. રેલવે કર્મચારીઓની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીના કારણે વિવિધ ઘટનાઓમાં સંભવિત અકસ્માતોને ટાળી શકાયા હતા. રેલવે ટ્રેક સાથે છેડછાડ કરી રહેલા અનધિકૃત વ્યક્તિઓને સમયસર પકડી પાડવામાં આવ્યા હતા અને ૬૪ પેન્ડ્રોલ ક્લિપ્સ દૂર કરવામાં આવવાથી થનારા સંભવિત અકસ્માતને અટકાવવામાં આવ્યો હતો. તેવી જ રીતે, દોડતી માલગાડીમાં જામ થયેલા બ્રેક અને વધુ પડતા સ્પાર્કિંગની ઓળખ કરીને ટ્રેનને રોકવામાં આવી હતી. મુસાફર ટ્રેનમાં જામ થયેલા બ્રેકમાંથી ધુમાડો નીકળવાની સમયસર જાણ કરવામાં આવી હતી. તેમજ માલગાડીના એક વેગનમાંથી ધુમાડો નીકળતા તાત્કાલિક આગ બુઝાવીને વ્હીલ પર જમા થયેલી ધાતુને દૂર કરવામાં આવી હતી. અન્ય એક ઘટનામાં માલગાડીના વેગનના વ્હીલ સ્પ્રિંગમાં લાગેલી આગને સમયસર બુઝાવીને સંભવિત ગંભીર અકસ્માત તેમજ રેલવે સંપત્તિને થનારા નુકસાનને ટાળવામાં આવ્યું હતું. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામ સન્માનિત કર્મચારીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે સુરક્ષા પ્રત્યે સતર્ક અને સમર્પિત કર્મચારીઓ જ ભારતીય રેલવેની સૌથી મોટી શક્તિ છે. તેમણે તમામ કર્મચારીઓને ભવિષ્યમાં પણ આ જ રીતે સતર્કતા, શિસ્ત અને ઉત્કૃષ્ટ કાર્યસંસ્કૃતિ સાથે સુરક્ષિત રેલ પરિચાલનમાં પોતાનું યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ પોતાના કર્મચારીઓની સતર્કતા, ત્વરિત નિર્ણયક્ષમતા અને જવાબદારીપૂર્ણ કાર્યશૈલીની પ્રશંસા કરે છે.

આવા સમર્પિત કર્મચારીઓના પ્રયાસો માત્ર સુરક્ષિત રેલ પરિચાલનને વધુ મજબૂત બનાવતા નથી, પરંતુ મુસાફરો, રેલવે સંપત્તિ તેમજ રાષ્ટ્રીય સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# ભાજપના ધારાસભ્ય પબુભા માણેકનો વાયરલ વિડીયો: હું રૂપીયા ૨૫ લાખ ખર્ચી ગમે તે ઉમેદવારને ખરીદી લઉ

પ્રતિનિધિ,ગાંધીનગર

ઓખા નગરપાલિકાની આગામી ચુંટણીના માહોલ વચ્ચે ગુજરાતના રાજકારણમાં મોટો વિવાદ ઉભો થયો છે. ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય પબુભા માણેકના બોલ બચ્ચનનો એક વિડીયો હાલમાં સોશીયલ મીડીયા પ્લેટફોર્મ પર ભારે વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં ધારાસભ્ય જાહેર મંચ પરથી ચુંટણી પ્રક્રિયા અને ઉમેદવારો વિશે એવા ચોંકાવનારા નિવેદનો આપી રહ્યા છે. જેણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. વાયરલ થઈ રહેલા આ વિડીયોમાં ભાજપના ધારાસભ્ય પબુભા માણેકે સ્પષ્ટપણે કહેતા સાંભળી શકાય છે કે તેમનામાં કોઈપણ ઉમેદવારને ખરીદવાની પુરેપુરી તાકાત છે, તેમણે પોતાના આર્થિક જોરનુ પ્રદર્શન કરતા જાહેરમાં એવો સનસનીખેજ દાવો કર્યો છે કે માત્ર ૨૦ થી ૨૫ લાખ રૂપીયાનો ખર્ચ કરીને તેઓ ચુંટણીને બિનહરીફ કરાવી શકે છે. નાણાંના જોરે રાજકારણમાં ધાર્યુ પરીણામ લાવી શકાય છે, તેવો તેમનો આ દાવો લોકશાહીની પ્રક્રિયા સામે અનેક ગંભીર સવાલો ઉભા કરે છે. પોતાના આ ભાષણના આવેશમાં ને આવેશમાં પબુભા માણેકે મર્યાદાઓ ઓળંગીને સ્વર્ગસ્થ




દિગ્ગજ ફિલ્મ કલાકારો અને સેલીબ્રિટીઓનુ પણ જાહેરમાં અપમાન કર્યુ હતું. તેમણે એવા બોલ બચ્ચન કર્યા હતા કે તેઓ ધારે તો એવી સેલીબ્રિટીઓને પણ પોતાના પ્રચાર મેદાનમાં ઉતારવાની શકિત ધરાવે છે. જો કે આ તમામ બફાટ ચાલી રહ્યો હતો ત્યારે અચાનક ધારાસભ્યની નજર સામે ચાલી રહેલા મોબાઈલ કેમેરા પર પડી હતી, કોઈ પોતાનો વિડીયો ઉતારી રહ્યુ છે તેવુ નજરે પડતા જ પબુભા માણેકના સુર એકાએક બદલાઈ ગયા હતા અને તેમના બોલવામાં ભારે સાવચેતી આવી ગઈ હતી.

## બાળ કલ્યાણ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઃ'પાલક માતા-પિતા'સહિતની યોજનાઓથી હજારો બાળકોને થયો આર્થિક લાભ

# રાજ્યમાં વર્ષ ૨૦૨૫ થી અત્યાર સુધીમાં ૨૭ હજાર થી વધુ જરૂરિયાતમંદ બાળકોને રૂ.૧૩૨ કરોડથી વધુની આર્થિક સહાય અને શિષ્યવૃત્તિ આપી તેમનું ભવિષ્ય વધુ સુરક્ષિત કરાયું

રાજ્યભરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અનાથ,નિરાધાર અને જરૂરિયાતમંદ બાળકોના જીવન ઘડતર અને ભવિષ્યને વધુ સુરક્ષિત કરવા માટે નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા મુખ્યત્વે 'પાલક માતા પિતા યોજના', 'શેરો પોઝીટીવ ઈલનેસ શિષ્યવૃત્તિ' તેમજ 'પાલક માતા પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દીકરીના લગ્ન સમયે કુલ ૨.૦૦ લાખ સહાય આપવાની યોજના અમલી બનાવવામાં આવી છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને રાજ્ય મંત્રી ડૉ.મનિષા વકીલના નેતૃત્વમાં નિયામક , સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા આ વિવિધ બાળ કલ્યાણ યોજનાઓ હેઠળ રાજ્યભરમાં વર્ષ ૨૦૨૫-૨૬ થી ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ૨૭ હજાર થી વધુ જરૂરિયાતમંદ બાળકોને રૂ.૧૩૨ કરોડથી વધુની આર્થિક સહાય અને શિષ્યવૃત્તિરૂપી સન્માન અપાઈને તેમનું ભવિષ્ય વધુ સુરક્ષિત કરવા આવ્યું છે.

જેમાં પાલક માતા પિતા યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માં ૨૧,૮૮૧ લાભાર્થીને કુલ રૂ. ૮૦.૮૧ કરોડ અને એપ્રિલ- ૨૬ થી ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ૨૨,૨૨૪ બાળકોને રૂ. ૩૪.૨૪ કરોડ ની સહાય ,શેરો પોઝીટીવ ઈલનેસ શિષ્યવૃત્તિ અંતર્ગત વર્ષ ૨૦૨૫ - ૨૬માં ૫૪૪૦ બાળકોને રૂ.૧.૮૬ કરોડ અને એપ્રિલ- ૨૬ થી ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ૫,૫૪૦ બાળકોને રૂ. ૩.૮૭ કરોડ ની શિષ્યવૃત્તિ તેમજ પાલક માતા પિતા અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દીકરીના લગ્ન સમયે કુલ ૨.૦૦ લાખ સહાય આપવાની યોજના માં વર્ષ ૨૦૨૫ - ૨૬ માં ૪૦૬ દિકરીઓ ને રૂ. ૮. ૧૨ કરોડ ની આર્થિક સહાય અને એપ્રિલ - ૨૬ થી ઓગસ્ટ -૨૬ સુધીમાં ૨૧૫ દિકરીઓને રૂ. ૪.૩૦ કરોડ ની સહાય આપવા આવી છે.

**વિવિધ ત્રણ યોજનાઓ વિશેઃ**

**૧.પાલક માતા પિતા યોજના**

**પાત્રતાના માપદંડઃ**

૦ થી ૧૮ વર્ષની ઉંમરના જે બાળકોના માતા-પિતા મૃત્યુ પામ્યા હોય તથા પિતા મૃત્યુ પામ્યા હોય અને માતાએ પુનઃલગ્ન કર્યા હોય અથવા માતા મૃત્યુ પામતાં પિતાએ પુનઃલગ્ન કર્યા હોય અને બાળક તેઓ સાથે ન રહેતુ હોય તેવા બાળકો માટે આ યોજના અમલમાં મુકવામાં આવી છે.

**સહાયનું ધોરણઃ**

બાળકોની સાર સંભાળ રાખતા નજીકનાં સગાને માસિક પ્રતિ બાળક રૂ.૩૦૦૦/- ની સહાય ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (DBT)થી તેના બેંક ખાતામાં જમા કરાવવામાં આવે છે.

**જરૂરી ડોક્યુમેન્ટઃ**

બાળકના જન્મનો દાખલો/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

બાળકના માતા-પિતાની મરણના દાખલાની પ્રમાણીત નકલ.

જે કિસ્સામાં બાળકના પિતા મરણ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય અથવા માતા મૃત્યુ પામતાં પિતાએ પુનઃલગ્ન કરેલ હોય તે અંગેનું સોગંધનામું/લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/તલાટી કમ મંત્રીનો દાખલો/સ્વ-ધોષણાપત્ર પૈકી કોઈ પણ એક. આવકના દાખલાની નકલ (ગ્રામીણ વિસ્તાર માટે રૂ.૨૭,૦૦૦/- થી વધારે અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬,૦૦૦/ થી વધારે આવક હોવી જરૂરી છે.)

બાળક અથવા પાલક માતા-પિતાના સંયુક્ત બેંક ખાતાની પ્રમાણિત નકલ.બાળકના આધારકાર્ડની નકલ.

બાળક હાલ જે ધોરણમાં અભ્યાસ કરતો હોય તેના પ્રમાણપત્રની નકલ

પાલક માતા/પિતાના આધારકાર્ડની નકલ પૈકી કોઈ પણ એક.

**૨.શેરો પોઝીટીવ ઈલનેસ શિષ્યવૃત્તિ**

આ યોજનાનો લાભ શેરો પોઝિટીવ ઈલનેશના કારણે અનાથ નિરાધાર થયેલ તેમજ શેરો પોઝિટીવ ઈલનેશવાળા બાળકોને વર્ષમાં એકવાર અભ્યાસ અર્થે શિષ્યવૃતિ રૂપે તેમના અભ્યાસ તેમજ જીવન ધડતરમાં મદદરૂપ થઈ શકે તેવા આશયથી આપવામાં આવે છે. આમાં બાળકોને વાર્ષિક ધોરણ મુજબ રૂ.૫૦૦૦/- થી રૂ. ૨૫,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે.

**૩.પાલક માતા પિતા અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજના**

આ યોજનાની લાભાર્થી દીકરીના લગ્ન સમયે કુલ ૨.૦૦ લાખ સહાય આપવાની યોજના

આ યોજના હેઠળ લાભાર્થી દિકરીના લગ્ન સમયે કુલ ૨.૦૦ લાખ સહાય આપવાની યોજના

**આ યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે?:**

પાલક માતા પિતા યોજના અથવા મુખ્ય મંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીને ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તેમને લગ્ન સમયે આ સહાય મળવાપાત્ર છે.

**કેટલી સહાય આપવામાં આવે છે ?:**

લાભાર્થી દિકરીને ૨.૦૦ લાખ એક વાર

**યોજના ક્યારે શરૂ થઈ અને તેના ધારા ધોરણોઃ**

આ યોજના તા.૦૧/૦૪/૨૦૨૩ થી ગુજરાત રાજ્યમાં લાગુ કરવામાં આવી છે.

આ યોજનાની લાભાર્થી પૈકી તા.૦૧/૦૪/૨૦૨૩ ના રોજ કે ત્યારબાદ લગ્ન કરનાર કન્યાઓને જ આ ઠરાવથી મળનાર સહાયનો લાભ મળવાપાત્ર થશે.

આ યોજનાનો લાભ એક જ વાર મળશે. આ યોજનાના લાભાર્થી દ્વારા લગ્ન થયા તારીખથી ૨ વર્ષની અંદર અરજી કરવાની રહેશે.

- જનક દેસાઈ

# પાટણના યુવકને યુવતિએ તંત્ર વિધીથી કાબુમાં કર્યો : લગ્ન પછી કહ્યુ મારે અઢળક યુવાનો સાથે પ્રેમ સંબંધ છેઃ તાંત્રીક વિધી કરતા યુવકના શરીરમાં થઈ અસર

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના ચાંદખેડામાં એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. ચાંદખેડામાં ૨૬ વર્ષીય યુવકે પોતાની પત્ની, સાસરીયા અને બે તાંત્રીક સહિત ૬ લોકો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી છે. યુવકનો આરોપ છે કે લગ્ન બાદ તેને તાંત્રીક વિધી, માનસિક ત્રાસ અને પૈસાની માંગણી કરીને પરેશાન કરવામાં આવ્યો હતો. ફરીયાદમાં તેને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપવાનો પણ આરોપ લગાડવામાં આવ્યો છે.




મુળ પાટણનો અને હાલ ચાંદખેડામાં રહેતા યુવકના લગ્ન મહારાષ્ટ્રના ગોંદિયા ની યુવતિ સાથે થયા હતા. યુવકના જણાવ્યા મુજબ સગાઈના સમયથી જ તેને આ સંબંધ સામાન્ય લાગતો ન હતો, તેને આશંકા હતી કે લગ્ન પાછળ કોઈ કાવતરૂ હોઈ શકે છે, જો કે લગ્ન બાદ પત્નીના કથિત વર્તનને લઈને તેની આશંકા વધુ ઘેરી બની હતી.

ફરીયાદી યુવકનો આરોપ છે કે લગ્ન બાદ પત્નીએ તેને કહ્યુ હતુ કે તેના અન્ય યુવકો સાથે પ્રેમસંબંધો છે, આ ઉપરાંત કથિત રીતે એવુ પણ જણાવાયુ હતુ કે યુવકને થોડા સમય માટે તાંત્રીક વિધી અને કાળા જાદુ દ્વારા તેના જીવનમાં લાવવામાં આવ્યો હતો. યુવકના જણાવ્યા મુજબ પત્નીના મોબાઈલ ફોનમાંથી અનેક તાંત્રીકોના ફોટા પણ મળી આવ્યા હતા. આ ઘટનાઓ બાદ તેને સમગ્ર મામલે વધુ શંકા ગઈ હતી, યુવકે પોલીસને જણાવ્યુ હતુ કે લગ્ન બાદ તેની પત્ની અવાર નવાર તેની પાસેથી મોટી રકમની માંગણી કરતી હતી, પૈસા આપવાનો ઈન્કાર કરતા કથિત રીતે તેને અને તેના પરીવારના સભ્યોને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપવામાં આવતી હતી. ફરીયાદમાં એવો પણ આરોપ લગાડવામાં આવ્યો છે કે પત્ની સતત અપમાનજનક ભાષાનો ઉપયોગ કરતી હતી. યુવકનુ કહેવુ છે કે આ વર્તનને કારણે તે માનસિક રીતે ખુબ જ પરેશાન થઈ ગયો હતો. મામલો ત્યારે વધુ ગંભીર બન્યો, જયારે પત્નીએ કથિત રીતે પતિની મુલાકાત બે તાંત્રીકો સાથે કરાવી હતી, ફરીયાદ મુજબ ત્યારબાદ પત્ની અને તેની માતાએ યુવક સાથે વિડીયોકોલ પર વાત કરી હતી. યુવકનો આરોપ છે કે આ દરમિયાન તેના પર તાંત્રીક વિધી કરવામાં આવી હતી. ફરીયાદમાં જણાવાયુ છે કે આવી વિધી કથિત રીતે બે વખત કરવામાં આવી હતી. ત્યારબાદ યુવકને શરીર ભારે લાગવા લાગ્યુ હતું અને તેની તબિયત અચાનક લથડી હતી. સતત મળતી કથિત ધમકીઓ, પૈસાની માંગણી અને માનસિક ત્રાસથી પરેશાન થઈને યુવકે અંતે પોલીસનો સંપર્ક કર્યો હતો. તેણે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરીયાદ આપી પત્ની, સાસરીયા અને તાંત્રીકો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. પોલીસે ફરીયાદના આધારે પત્ની સહિત ૬ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે. હાલ સમગ્ર મામલે કરવામાં આવેલા આક્ષેપોની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

## એશિયન ગેમ્સ ૨૦૨૬માં ગૂંજ્યું ગુજરાતનું નામ

# રાઈફલ શૂટર ઈલાવેનિલ વાલારીવને શાનદાર પ્રદર્શનથી જીત્યા બે સિલ્વર મેડલ

### નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ઈલાવેનિલ વાલારીવનને રૂ. ૧.૩૩ કરોડના ખેલપ્રતિભા પુરસ્કારથી સન્માનિત કરાયા

એશિયન ગેમ્સ ૨૦૨૬માં રાઈફલ શૂટિંગમાં ૨-સિલ્વર મેડલ પ્રાપ્ત કરવા બદલ ગુજરાતના પ્રતિભાવાન ખેલાડી શ્રી ઈલાવેનિલ વાલારીવને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ખેલપ્રતિભા પુરસ્કાર યોજના અંતર્ગત રૂ. ૧.૩૩ કરોડનો ચેક અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જાપાનમાં આયોજિત એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ઈલાવેનિલ વાલારીવને રાઈફલ શૂટિંગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિશ્વફલક પર દેશ અને રાજ્યનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં તેમણે 'Women's 10m Air Rifle (Individual)' અને 'Women's 10m Air Rifle (Team)' એમ બંને ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને ૨ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે. યુવા ખેલાડીને અભિનંદન પાઠવતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યની આવી ખેલપ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને તેમને વૈશ્વિક સ્પર્ધાઓ માટે તૈયાર કરવા જરૂરી તમામ તાલીમ-સુવિધાઓ ગુજરાત સરકાર તૈયાર છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે કોઈ દીકરો કે દીકરી આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરે છે, ત્યારે તેમાં માત્ર ખેલાડીની મહેનત જ નહીં પરંતુ તેમને સંસ્કારો આપીને આગળ



વધારવામાં તેમના માતા-પિતાનું પણ એટલું જ મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, રાજ્ય સરકારની DLSS યોજના અંતર્ગત કાર્યરત સંસ્કારધામ સંકુલમાંથી અભ્યાસ કરીને આજે ઈલાવેનિલ વાલારીવને એશિયન ગેમ્સમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે જે આપણા સૌ માટે ગર્વની વાત છે. સંસ્કારધામમાં કેળવણી પામેલા યુવાનો જ્યારે રમતગમતની દુનિયામાં આ પ્રકારે ઈતિહાસ રચે છે, ત્યારે તે રાજ્યના અન્ય હજારો યુવા ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત બને છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈલાવેનિલ વાલારીવનને ખેલ જગતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન જાળવી રાખવા માટે ગુજરાત સરકાર દ્વારા શક્તિદૂત યોજના અને ઓલિમ્પિક પ્રોત્સાહન અંતર્ગત કુલ રૂ. ૧.૩૩ કરોડ અને DLSS યોજના તથા ખેલ મહાકુંભ જેવી યોજનાઓ અંતર્ગત રૂ. ૭૪ લાખની સહાય આપવામાં આવી છે. આમ રાજ્ય સરકાર દ્વારા તેમને કુલ રૂ. ૨.૪૧ કરોડની પ્રોત્સાહક રકમથી સન્માનિત કરવામાં આવ્યા છે.

ગુજરાત જેની કર્મભૂમિ છે તેવા શૂટર શ્રી ઈલાવેનિલ વાલારીવનની સિદ્ધિઓ માત્ર રાજ્ય જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે. અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતી અને ૨૫ વર્ષીય પ્રતિભાશાળી ખેલાડી રાઈફલ શૂટિંગ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ભારતનું નામ રોશન કરી રહી છે. ગુજરાત સરકારની 'શક્તિદૂત યોજના' સાથે વર્ષ ૨૦૧૭-૧૮થી જોડાયેલી ઈલાવેનિલ હાલમાં આ યોજના અંતર્ગત 'A' કેટેગરીમાં સ્થાન ધરાવે છે અને રાજ્યના ખેલ જગતમાં એક અગ્રણી ચહેરો બની છે. ઈલાવેનિલની કારકિર્દી અસંખ્ય ઐતિહાસિક સિદ્ધિઓથી ભરેલી છે. તેમણે ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિક અને ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. વર્ષ ૨૦૧૯માં રિયો ડી જેનેરો ખાતે યોજાયેલ ISSF વર્લ્ડ કપમાં તેમણે ૨૫૧.૭નો શાનદાર સ્કોર બનાવીને ગોલ્ડ મેડલ પણ જીત્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે તેની પ્રતિભાની નોંધ લેતા ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨માં તેને પ્રતિષ્ઠિત 'અર્જુન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી હતી. જુનિયર વર્લ્ડ કપ (સુહલ અને સિડની ૨૦૧૮), એશિયન એરગન ચેમ્પિયનશિપ, વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ (ચેંગડુ) તેમજ ૨૦૨૫ મ્યુનિક અને કઝાકિસ્તાન સ્પર્ધાઓમાં તેણે અનેક ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું છે. - ઋચા રાવલ

# ગુજરાત ભરમાં ગાંધી જયંતિએ કોઈ પણ વેપારી કે દુકાનદાર UPI થી પેમેન્ટ નહીં સ્વીકારે

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

ગુજરાતના ૬૦૦ વેપારી સંગઠનોનું નો (NO) UPI નું એલાન દેશમાં ડિજિટલ પેમેન્ટ અને ઈન્વેસ્ટમેન્ટને સરળ બનાવતા UPI ના મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એટલે કે MDR ના નિયમોમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે.

આગામી ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ થી નવા નિયમો લાગુ થવાના છે. જેમાં પર્સન ટુ પર્સન અને ૨૦૦૦ રૂપિયા સુધીના મર્ચન્ટ પેમેન્ટ પર કોઈ ચાર્જ લાગશે નહીં. પરંતુ રૂપિયા ૨૦૦૦/- થી વધુની પસંદગીની મર્ચન્ટ પેમેન્ટ પર ૦.૪ ટકા અને કેપિટલ માર્કેટ-મ્યુચ્યુઅલ ફંડ, શેરબજાર વગેરેના ટ્રાન્ઝેક્શન પર ૦.૦૨ ટકાનો MDR નક્કી કરવામાં આવ્યો છે. જેનો વેપારી એસોસિયેશન દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે.

અમદાવાદ સહિત રાજ્યના તમામ વેપારીઓ MDR ચાર્જથી મુક્તિ આપવાની માંગ સાથે સરકારના નિર્ણયનો વિરોધ કરશે. રાજ્યના આશરે ૬૦૦ ટ્રેડર્સ યુનિયનો આ વિરોધમાં જોડાશે. ઓટો મોબાઈલ યુનિયન, મોબાઈલ યુનિયન, ઈલેક્ટ્રોનિક્સ યુનિયન, કાપડ માર્કેટ,જવેલરી માર્કેટના વેપારીઓ UPI ટ્રાન્ઝેક્શન નહીં સ્વીકારે. એટલું જ નહીં ગાંધી જયંતિના દિવસે જ તમામ વેપારીઓ પોતાના QR કોડ મશીન અને બોર્ડ પર કાળું કપડું ઢાંકીને માત્ર રોકડથી વ્યાપાર કરશે. ત્યારે આ વિરોધના દિવસે અંદાજે ૫૦ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન પર સીધી અસર પડવાની ભીતિ છે. સરકારને UPI પર ચાર્જ લગાવી પૈસા ભેગા કરવા છે. અમને તેનાથી કોઈ વિરોધ નથી. જે નાના-નાના વેપારીઓએ UPI ને સ્વીકારી લીધું છે અને વર્ષોથી એનો ઉપયોગ કરે છે તેમને આમાં સંડોવવા યોગ્ય નથી. જો તમારે પૈસા જ ઉઘરાવવા હોય તો તમે બેંકિંગ સિસ્ટમમાં કોઈ પણ નાની-મોટી પ્રોવિઝન નાખીને ઉઘરાવી શકો છો.

# ખાનગી હોસ્પિટલોના સંચાલકો દ્વારા દર્દીઓને ખુલ્લેઆમ લૂંટાઈ રહ્યા છે

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

આજે દેશભરમાં પ્રાઈવેટ હોસ્પિટલો હવે દર્દીઓ માટે જાણે કે કસાઈ ખાના સાબિત થઈ રહી હોય એટલી હદે આ ખાનગી હોસ્પિટલોના સંચાલકો દર્દીઓને દવાઓના ભાવમાં ખુલ્લી લૂંટ કરી રહ્યા છે. અને આ સમગ્ર મામલો ત્યારે ચર્ચામાં આવ્યો, જ્યારે તાજેતરમાં મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) ના કમિશનર તુકારામ મુંડે એ એક અહેવાલમાં આ છુપાયેલા સત્યનો પર્દાફાશ કર્યો અને આ મામલે કેન્દ્ર સરકારના હસ્તક્ષેપની માંગણી કરવામાં આવી.

મહારાષ્ટ્રના FDA કમિશનર તુકારામ મુંડેએ સોશિયલ મીડિયા પર આ મુદ્દો ઉઠાવ્યો હતો અને સમજાવ્યું હતું કે આ સમસ્યા માળખાકીય ખામી છે. ડ્રગ્સ (ભાવ નિયંત્રણ) ઓર્ડર, ૨૦૧૩, પ્રિસ્ક્રિપ્શન દવાઓના ભાવોને મર્યાદિત કરે છે, જોકે મોટા ભાગના તબીબી ઉપકરણો અને ઉપભોગ્ય વસ્તુઓ આ નિયંત્રણની બહાર છે. આનો અર્થ એ છે કે તેમની કિંમતો અને નિયમન સંબંધિત માહિતી લગભગ સંપૂર્ણપણે અનિયંત્રિત છે.

હાલમાં એક હિન્દી અખબારે દિલ્હીની ઘણી મોટી હોસ્પિટલોના મેડિકલ સ્ટોર્સમાં ઉત્પાદનોના ભાવની સરખામણી બજારની અન્ય દુકાનો સાથે કરી ત્યારે તેમાં આઠથી દસ ગણો તફાવત જોવા મળ્યો હતો. ગુરુનાનક હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાંથી એક નર્સે 'પેશાબની થેલી' ખરીદી અને તેના માટે ૧૦૦ રૂપિયા લેવામાં આવ્યા. સંજીવની હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં તેની કિંમત ૩૪૦ રૂપિયા હતી. અને અનૂપ હોસ્પિટલમાં તેની કિંમત ૬૦૦ રૂપિયા હતી. હકીકતમાં, સારી ગુણવત્તાવાળા પેશાબની થેલી ૮૦ રૂપિયામાં મળે છે. આમ દવાઓ અને ઉપકરણોના મામલે લૂંટફાટ ચાલી રહી છે તેવા અહેવાલોના પગલે કેન્દ્ર સરકારની ઊંઘ ઊડી ગઈ છે. સરકાર હવે ભાવોની સમીક્ષા કર્યા બાદ કાર્યવાહીનો નિર્ણય લેશે.

# ગાંધીનગર મનપા ચુંટણી પહેલા કોંગ્રેસે ભાજપ પર લગાડયો સણસણતો આક્ષેપ : કોંગ્રેસનું ચુંટણીપંચને આવેદનપત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગાંધીનગર મહાનગરપાલિકા સામાન્ય ચુંટણીને અનુલક્ષીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નેતૃત્વમાં કોંગ્રેસના એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળે ચુંટણીપંચ સમક્ષ આવેદનપત્ર આપીને રજુઆત કરી છે, નવા સચિવાલય ખાતે આવેલા બ્લોક નં. ૯ ના છઠ્ઠા માળે પંચના અધિકારીઓ સાથે મુલાકાત યોજીને, મનપા ચુંટણી સંદર્ભે વહિવટી તંત્રની કેટલીક હરકતો અને કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. જેમાં ચુંટણીપંચ સમક્ષ રજુઆત દરમિયાન કોંગ્રેસના નેતા લાલજી દેસાઈએ સત્તાધારી પક્ષ ભાજપ પર આકરા આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે સમગ્ર ગુજરાતમાં ભાજપ દ્વારા લોકશાહીનુ પતન કરવામાં આવી રહ્યુ છે.

તેમણે દાવો કર્યો હતો કે ભાજપને ગાંધીનગર મનપાની ચુંટણી હારવાનો ડર લાગી રહ્યો છે. જેના કારણે ચુંટણી બિનહરીફ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. જે બિલકુલ યોગ્ય નથી, તેમજ ચુંટણી કમિશ્નરની સ્વાયતતા સામે પણ સવાલો ઉઠાવતા પુછયું હતુ કે ચુંટણી કમિશ્નર સ્વાયત્ત છે કે પછી તંત્રની કઠપુતળી બનીને રહી ગયા છે ? આ ઉપરાંત તેમણે એસઆઈઆર માં મોટા ગોટાળા કરાયા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. તદપરાંત લાલજી દેસાઈએ વધુમાં ઉમેર્યુ કે વોર્ડ નં. ૬ અને ૭ માં એલસીબીના પીઆઈ પણ કોંગ્રેસના ઉમેદવારો અને તેમના સગા સંબંધીઓના ઘરે પહોચીને દબાણ કરી રહ્યા છે. તો બીજી તરફ ચુંટણીપંચને આવેદનપત્ર આપ્યા બાદ કોંગ્રેસ નેતા અમી યાજ્ઞીકે જણાવ્યુ હતુ કે ચુંટણી આયોગનુ મુખ્ય કામ નિષ્પક્ષ અને પારદર્શી ચુંટણી કરાવવાનુ છે, તેમણે આરોપ લગાવ્યો કે છેલ્લા બે દિવસથી ભાજપ જે પ્રકારે કોંગ્રેસના ઉમેદવારોને હેરાન કરી રહ્યુ છે તે લોકશાહી અને બંધારણ વિરૂધ્ધનુ વર્તન છે, ડબલ એન્જીનની સરકારને ગાંધીનગરમાં પોતાની હાર દેખાઈ ગઈ છે. તેથી જ તેઓ કોંગ્રેસના ઉમેદવારોને ધમકાવી રહ્યા છે. આમ કોંગ્રેસ પક્ષે સ્પષ્ટપણે માંગ કરી છે કે આ પ્રકારે નિયમ વિરૂધ્ધ કામગીરી કરતા તત્વો અને અધિકારીઓ વિરૂધ્ધ ચુંટણીપંચે તાત્કાલીક કડક પગલા લેવા જોઈએ, વહિવટી તંત્ર તટસ્થ રહીને ચુંટણી પ્રક્રિયા પાર પાડે તે માટે પંચના યોગ્ય હસ્તક્ષેપની માંગ કરવામાં આવી છે.

તો બીજી તરફ કોંગ્રેસે પણ ચુંટણી અગાઉ ઉમેદવારોને કોઈ અજ્ઞાતસ્થળે લઈ જવામાં આવ્યા છે, કારણ કે ભાજપના કેટલાક નેતાઓ ઉમેદવારોને રૂપીયાના જોરે ઉમેદવારી ફોર્મ પાછુ ના ખેંચાવે તેને લઈ ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે.

# સૌરાષ્ટ્ર -કચ્છને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા કોંગ્રેસ પ્રવકતા ડો.મનિષ દોશીની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતની ભાજપ સરકાર વેઈટ એન્ડ વોચ નીતી અપનાવી રહી છે, જયારે દેવભુમિ દ્વારકા, પોરબંદર, જામનગર, કચ્છ તેમજ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ખેડુતો પાક નિષ્ફળતા, ઘાસચારાની અછત અને આવનારી રવી સીઝનની ચિંતા સામે ઝઝુમી રહ્યા છે, મહારાષ્ટ્રે પહેલે થી જ ૨૯૫ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે. ગુજરાતના ખેડુતોને પણ એ જ તાત્કાલીક સહાય આપવા કોંગ્રેસ પ્રવકતા ડો. મનિષ દોશીએ માંગણી કરી છે, વરસાદની ઘટવાળા તમામ જિલ્લા અને આશરે ૧૨૦ તાલુકાને તાત્કાલીક દુષ્કાળગ્રસ્ત જાહેર કરો, દેવભુમિ દ્વારકામાં વરસાદની ઘટ સૌથી ગંભીર છે, પોરબંદર અને જામનગરમાં પણ ભારે અછત છે, વૈજ્ઞાનિક સર્વે પછી થઈ શકે, પણ મગફળી અને કપાસના પાક સુકાઈ રહ્યા હોય ત્યારે ખેડુતો રાહ ન જોઈ શકે, ચાલુ વર્ષની પાકલોન પુરેપુરી માફ કરો, દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ખેડુતોના વીજ બીલ અને ફીકસ ચાર્જ માફ કરો, પાક નુકશાનીનુ તાત્કાલીક અને પુરતુ વળતર જાહેર કરો, ગુજરાતમાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના તાત્કાલીક ફરી શરૂ કરો, ભાજપ સરકારે વરસોથી આ કેન્દ્રીય પાક વિમા યોજના અમલમાં મુકી નથી, અસરગ્રસ્ત ગામડાઓમાંથી ૭ કિ.મી. ની અંદર ઘાસચારા વિતરણ કેન્દ્રો અને પશુશાળા / ગૌશાળા ખોલો, કચ્છ સહિતના પશુપાલકો પહેલે થી ઘાસચારા અને પાણીની તંગી નિવારી રહ્યા છે. સુજલામ સુફલામ અને અન્ય લીંક દ્વારા નર્મદાનુ પાણી તાત્કાલીક છોડો, વરસાદની ઘટવાળા ગામડાઓમાં મોટાપાયે રાહત કામો અને મનરેગા હેઠળ રોજગાર શરૂ કરો, જેથી ખેત મજુરો અને નાના ખેડુતોને રવી સિઝન પહેલા હાથમાં રોકડ મળે, વેઈટ એન્ડ વોચ નીતી બંધ કરો, મુખ્યમંત્રીએ દ્વારકા, પોરબંદર, જામનગર અને કચ્છના ખેતરોમાં જઈને ખેડુતોની પીડા જોવી જોઈએ, રવી સીઝન માટે સંપૂર્ણ પેકેજ હમણાં જ આપો, સબસીડીવાળા બિયારણ, ખાતર, ડીઝલ અને ધિરાણ જેથી જે ખેડુતોનો ખરીફ પાક નાશ પામ્યો છે તેઓ આગામી સીઝનમાં જમીન પડતર ન છોડે, આ સહાય વગર એક નિષ્ફળ ચોમાસુ બે વરસની વિપત્તિ બની જશે, કોંગ્રેસ ગુજરાતના ખેડુતો અને પશુપાલકો સાથે ઉભી છે, ભાજપ સરકારે આ તાત્કાલીક પગલા ભરવા જોઈએ,

# ગાંધીનગર મનપાની ચુંટણી પહેલા ૩ બેઠક ગુમાવી : એક બાદ એક ભુલના કારણે રદ થયા આમ આદમી પાર્ટી ઉમેદવારના ફોર્મ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગાંધીનગર મહાનગર પાલિકાની આગામી ચુંટણીને લઈને રાજકારણ ગરમાયુ છે. આજે ઉમેદવારી ફોર્મ ચકાસણી દરમિયાન ચુંટણી અગાઉ જ આમ આદમી પાર્ટીએ ૩ બેઠકો ગુમાવી દીધી છે.

ચકાસણી દરમિયાન વિવિધ પક્ષોના ઉમેદવારોના ફોર્મ પર વાંધા વચકા અને મંજુરીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ ચકાસણી દરમિયાન આમ આદમી પાર્ટી માટે મુશ્કેલીઓ વધી જવા પામી છે અને પાર્ટીના કેટલાક મહત્વના ઉમેદવારોના ફોર્મ રદ થયા છે, ગાંધીનગર મનપાના વોર્ડ નં. ૫ માં આમ આદમી પાર્ટી તરફથી ચુંટણી લડી રહેલા જીતેન્દ્રસિંહ ચૌહાણનુ ઉમેદવારી ફોર્મ રદ કરવામાં આવ્યુ હતું. ભાજપ દ્વારા આ ફોર્મ સામે સત્તાવાર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. કેમ કે પક્ષ દ્વારા સમયસર યોગ્ય મેન્ડેટ રજુ કરવામાં આવ્યો ન હતો, આ ઉપરાંત વોર્ડ નં. ૬ માં યુથ ઈન્ડિયા પીસ પાર્ટીના ઉમેદવાર કાજલ મકવાણાનુ ફોર્મ પણ રદ થવા પામ્યુ હતું. આમ આદમી પાર્ટીને વધુ એક મોટો ઝટકો વોર્ડ નં.૨ માં લાગ્યો છે, આમ આદમી પાર્ટીના ઉમેદવાર પ્રવિણ દંતાણીનુ ફોર્મ કાયદાકીય જોગવાઈઓના કારણે રદ થયુ હતું. મળતી માહિતી મુજબ પ્રવિણ દંતાણીને બે થી વધુ સંતાન હોવાના નિયમને લઈને આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેના કારણે આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

આમ આદમી પાર્ટીના વોર્ડ નં. ૧૦ માં થી ઉમેદવાર હાર્દિક તલાટીનુ પણ ફોર્મ રદ કરવામાં આવ્યુ હતું. આ મામલે આમ આદમી પાર્ટી દ્વારા આક્ષેપ લગાડવામાં આવ્યો હતો કે એફિડેવીટમાં રજુ કરેલી વિગતોના ડોકયુમેન્ટ માટે પુરતો સમય આપવામાં આવ્યો ન હતો, એકતરફ આમ આદમી પાર્ટીના અનેક ઉમેદવારોના ફોર્મ રદ થવાથી પાર્ટી ચિંતામાં મુકાઈ છે. તો બીજી તરફ ભાજપ અને કોંગ્રેસ માટે રાહતના સમાચાર છે. આ બંને મુખ્ય પક્ષોના મુખ્ય ઉમેદવારોના તમામ ફોર્મ માન્ય રહ્યા છે. જો કે તેમના કેટલાક ડમી ઉમેદવારોના ફોર્મ નિયમોનુસાર રદ થયા છે.

# સુપ્રિમ કોર્ટની ચુંટણીપંચને સ્પષ્ટ ટકોરઃ નાગરીકતા નકકી કરવાનુ કામ ચુંટણીપંચનુ નથીઃ મતદાર યાદી સુધારણા પર મહત્વનુ અવલોકન

પ્રતિનિધિ,ગાંધીનગર



દેશમાં મતદાર યાદીઓની ચકાસણી અને મતદાર યાદીના વિશેષ સુધારણા કાર્યક્રમ (એસઆઈઆર) ને લઈને સર્જાયેલા કાનુની વિવાદ વચ્ચે દેશની સુપ્રિમ કોર્ટે એક અત્યંત ઐતિહાસિક અને સીમાચિન્હરૂપ અવલોકન કર્યુ છે.

સુપ્રિમ કોર્ટના જસ્ટિસે સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરી છે કે, કોઈપણ વ્યકિત ભારતનો નાગરીક છે કે નહી તે નકકી કરવાનો બંધારણીય અધિકાર ચુંટણીપંચ પાસે નથી, નાગરીકતા નકકી કરવાનુ કામ નિર્ધારીત વૈધાનિક સત્તા મંડળોનુ છે, ચુંટણીપંચનુ કાર્ય માત્ર યોગ્ય અને કાયદેસર પ્રક્રિયા અનુસરીને મતદાર યાદી તૈયાર કરવાનો છે. સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન અરજદારો દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે મતદાર યાદી સુધારણા (એસઆઈઆર) ના નામે બુથ લેવલ ઓફિસર્સ (બીએલઓ) અને ચુંટણી અધિકારીઓ દ્વારા નાગરીકો પાસેથી નાગરીકતાના જટીલ દસ્તાવેજો માંગવામાં આવી રહ્યા છે અને શંકાના આધારે લાખો મતદારોના નામ યાદીમાંથી કમી કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે. આ દલીલોની ગંભીરતા નોંધતા બેન્ચે સ્પષ્ટ કહ્યુ કે ભારતીય નાગરીકતા અધિનિયમ હેઠળ નાગરીકતાની માન્યતા ચકાસવાની અલગ કાનુની જોગવાઈઓ છે અને ચુંટણીપંચ પોતાની સત્તા બહાર જઈને અર્ધ / ન્યાયીક રીતે કોઈને બિન નાગરીક ઠેરવી શકે નહી. સુપ્રિમ કોર્ટે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે લોકશાહી વ્યવસ્થામાં મતાધિકાર એ દરેક લાયક નાગરીકનો પાયાનો બંધારણીય અધિકાર છે, માત્ર શંકા કે પ્રાથમિક અહેવાલોના આધારે કોઈપણ મતદારનુ નામ પંચાયત, નગરપાલિકા કે સંસદીય મતદાર યાદીમાંથી સીધુ હટાવી શકાય નહી. નામ કમી કરતા પહેલા સંબંધિત મતદાર ને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ યોગ્ય નોટીસ પાઠવવી, સાંભળવાની તક આપવી અને પુરાવાઓની ચકાસણી કરવી ફરજીયાત છે, કોઈપણ વ્યકિતને મતાધિકારથી વંચિત કરતી વખતે પારદર્શિતા જાળવવી અનિવાર્ય છે, અદાલતના આ કડક વલણથી દેશભરમાં વિવિધ રાજકીય પક્ષો અને ચુંટણી પ્રશાસન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં મોટો નવો વળાંક આવ્યો છે.

વિપક્ષી પક્ષો દ્વારા લાંબા સમયથી આરોપ લગાડવામાં આવી રહ્યો હતો કે મતદાર યાદીના સ્પેશ્યલ રીવીઝન હેઠળ પક્ષપાતી વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. સુપ્રિમ કોર્ટના આ સ્પષ્ટતા બાદ ચુંટણીપંચે પોતાના ફિલ્ડ અધિકારીઓ માટે નવી માર્ગદર્શિકા ઘડી કાઢવી પડશે. જેથી કાયદાકીય મર્યાદામાં રહીને જ મતદાર યાદીનુ આધુનિકીકરણ અને શુધ્ધિકરણ સુનિશ્ચિત થઈ શકે.

# ગુજરાતમાં હાઈવે ની ડીઝાઈનો બદલાશેઃ થરાદથી અમદાવાદ સુધીની મુસાફરી બનશે ઝડપી

પ્રતિનિધિ,ગાંધીનગર


FILE PHOTO

ગુજરાતમાં આગામી સમયમાં બનનારા નેશનલ હાઈવે ની ડીઝાઈન હવે વર્તમાન નહી પરંતુ ભવિષ્યના ટ્રાફીક ભારણને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે. નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા એકસપ્રેસ-વે સિવાયના હાઈ સ્પીડ, એકસેસ- કંટ્રોલ્ડ નેશનલ હાઈવે માટે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ ગાઈડ લાઈન તમામ ફોર અને સિકસ લેનના ગ્રીન ફિલ્ડ તેમજ બ્રાઉન ફિલ્ડ હાઈવે પર લાગુ પડશે, માર્ગો માટે નવી વ્યવસ્થામાં માર્ગની લેન અને કોરીડોરની પહોળાઈ વાહનોના સંભવિત પ્રવાહને આધારે નકકી કરવામાં આવશે. ગુજરાત માટે આ માર્ગદર્શિકા ખાસ મહત્વની છે. કારણ કે રાજય માટે મંજુર થયેલો થરાદ-ડીસા-મહેસાણા- અમદાવાદ હાઈ સ્પીડ કોરીડોર પણ આ માળખામાં આવે છે. નેશનલ હાઈવે ની નવી ગાઈડ લાઈનનુ મુખ્ય હેતુ ભવિષ્યમાં વધનારા વાહન વ્યવહારને ધ્યાનમાં રાખીને હાઈવે નુ આયોજન કરવાનો છે. માર્ગદર્શિકા મુજબ દરરોજ આશરે ૧૫ હજાર સુધીના વાહન પ્રવાહ માટે ફોર લેન હાઈવેની જોગવાઈ રાખવામાં આવશે. જયારે વધુ ટ્રાફીક ધરાવતા માર્ગો માટે સિકસ લેનની વ્યવસ્થા કરવામાં આવશે. ખાસ કરીને ૨૫ હજાર થી ૪૦ હજાર સુધીના વાહન પ્રવાહ ધરાવતા કોરીડોર માં સિકસ લેન હાઈવેનુ આયોજન કરાશે. વધુ ટ્રાફીક હોય તેવા કોરીડોર માં પહોળાઈ પણ વધારવામાં આવશે અને કેટલીક સ્થિતિમાં ૭૦ મીટર સુધીનો કોરીડોર રાખવાની જોગવાઈ રહેશે. આ ઉપરાંત એરપોટ, બંદર અને ઔદ્યોગિક વિસ્તારો સાથે જોડાણ માટે ઈન્ટરચેન્જ તથા રેમ્પ નુ સુવ્યવસ્થિત આયોજન કરવાનુ રહેશે. ગુજરાત માટે સૌથી મહત્વની બાબત એ છે કે કેન્દ્ર સરકારે મંજુર કરેલો થરાદ-ડીસા-મહેસાણા-અમદાવાદ ૨૧૪ કિ.મી.લાંબો સિકસ લેન હાઈ સ્પીડ કોરીડોર પણ નવી માર્ગદર્શિકાના સંદર્ભમાં મહત્વ ધરાવે છે. અંદાજે રૂપીયા ૧૦,૫૩૪ કરોડના ખર્ચે તૈયાર થનારા આ પ્રોજેકટ થી અમૃતસર, જામનગર, કોરીડોર અને દિલ્હી મુંબઈ એકસપ્રેસ -વે વચ્ચે સીધી કનેકિટવીટી વધુ સુગમ બનશે. પ્રોજેકટ પૂર્ણ થયા બાદ થરાદ અને અમદાવાદ વચ્ચેનુ અંતર આશરે ૨૦ ટકા ઘટવાની ધારણા છે. જયારે મુસાફરી ના સમયમાં પણ આશરે ૬૦ ટકા સુધીનો ઘટાડો થવાની અપેક્ષા વ્યકત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતના વિસ્તારો માટે આ કોરીડોર ઝડપી પરીવહન અને કનેકિટવીટીના દષ્ટ્રિકોણથી મહત્વપૂર્ણ બની શકે છે. નવી ગાઈડલાઈન હેઠળ માત્ર રસ્તાની લેન વધારવા પર જ નહી પરંતુ હાઈવેની સુરક્ષા અને એકસેસ કંટ્રોલ પર પણ ભાર મુકાયો છે. હાઈવે ની બહારની ધાર પર એક મીટર ઉંચી બાઉન્ડ્રી વોલ બનાવવાની જોગવાઈ રહેશે. તેનો હેતુ અનધિકૃત પ્રવેશ, દબાણો અને રખડતા પશુઓને હાઈવે પર પ્રવેશતા અટકાવવાનો રહેશે. હાઈવે સાથે જોડતા માર્ગો માટે પણ નિયંત્રિત પ્રવેશની વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત અકસ્માતનુ જોખમ ઘટાડવા અને વાહન વ્યવહારને સરળ બનાવવા ઈન્ટરચેન્જ અને રેમ્પ નુ વૈજ્ઞાનિક આયોજન કરાશે. નવી વ્યવસ્થામાં હાઈવે પર મલ્ટી લેન ફ્રી ફલો ટોલીંગ સિસ્ટમ લાગુ કરવાનો પણ સમાવેશ થાય છે. આ વ્યવસ્થાથી વાહન ચાલકોને પરંપરાગત ટોલ પ્લાઝા પર અટકવાની જરૂરીયાત ઘટશે અને વાહનો સતત ગતિ સાથે આગળ વધી શકશે. સાથે જ હાઈવેના ડ્રેનેજ નેટવર્ક પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. જેથી ભારે વરસાદ દરમિયાન પાણી ભરાવવાની સમસ્યા ઘટાડી શકાય, પર્યાવરણને ધ્યાનમાં રાખીને હાઈવે ની આસપાસ ગ્રીન કોરીડોર વિકસાવવા પર પણ ભાર મુકવામાં આવશે. આમ નેશનલ હાઈવેની નવી ગાઈડ લાઈન હેઠળ ગુજરાતમાં બનનારા હાઈવે માત્ર આજના ટ્રાફીક માટે નહી પરંતુ આગામી વરસોમાં વધનારા વાહન વ્યવહારને ધ્યાનમાં રાખીને તૈયાર કરવાની દિશામાં મહત્વનુ આયોજન કરવામાં આવ્યુ છે.

# હવે ટ્રાફીક ચલણ નહી ભરો તો વિજળીના બીલ સાથે દંડ વસુલાશેઃ સુપ્રિમ કોર્ટના સુચનથી વાહન માલીકોમાં ખળભળાટ

પ્રતિનિધિ,ગાંધીનગર



દેશમાં ટ્રાફીકના નિયમોના ભંગ બદલ ઈ-ચલણ જારી કર્યા પછી પણ દંડ ન ભરતા વાહનચાલકો સામે સુપ્રિમ કોર્ટે કડક વલણ અપનાવ્યુ છે. કોર્ટે સ્પષ્ટ કહ્યુ છે કે માત્ર ઈ-ચલણ ફાડવાથી કામ પુરૂ થતુ નથી, પરંતુ તેની વસુલાત માટે જમીની સ્તરે કડક અને નકકર પગલા લેવા અત્યંત જરૂરી છે. જસ્ટિસ જે બી પારડીવાલાએ સુનાવણી દરમિયાન સુચવ્યુ હતુ કે જો લોકો ટ્રાફીક દંડ ન ભરે તો આ રકમને વિજળીના બીલ જેવા અન્ય સરકારી લેણા સાથે જોડીને વસુલવાની પધ્ધતિ પર વિચાર કરવો જોઈએ (જો કે આ માત્ર એક સુચન છે, અમલ કરવાનો આદેશ નથી)

સુનાવણી દરમિયાન કોર્ટને જણાવાયુ હતુ કે દેશના વિવિધ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ઈ-ચલણ થકી કુલ રૂપીયા ૪૫ હજાર કરોડ નો દંડ એકત્રિત કરવાનો હતો, જેમાંથી અત્યાર સુધીમાં માત્ર રૂપીયા ૨૫ હજાર કરોડ જ વસુલ થઈ શકયા છે. એટલે કે હજુ પણ અંદાજે રૂપીયા ૨૦ હજાર કરોડથી વધુનો દંડ વસુલવાનો બાકી છે. સુપ્રિમ કોર્ટે કેટલાક મહત્વના સુચનો કર્યા છે. જેમાં બાકી ઈ-ચલણ ધરાવતા વાહનોના રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ (આરસીબુક) ના નવીનીકરણ કે ડુપ્લીકેટ સર્ટીફિકેટ જારી કરવા પર પ્રતિબંધ મુકવો જોઈએ. તેમજ દંડ ચુકવવામાં ન આવે ત્યાં સુધી વાહનની માલીકી બદલવાની (ઓનરશીપ ટ્રાન્સફર) મંજુરી ન આપવી, તેમજ ચલણની ભરપાઈ ન થાય ત્યાં સુધી વાહનનુ ફિટનેસ સર્ટીફિકેટ અને પીયુસી સર્ટીફિકેટ અટકાવી દેવુ જોઈએ. તેમજ કાનુની દંડ ન ભરનાર વાહનોને પરીવહન પોર્ટલ પર બ્લેકલીસ્ટ કરવા અને ચાલકના ડ્રાઈવીંગ લાયસન્સને સસ્પેન્ડ કે રીન્યુઅલ પર રોક લગાડવી, તેમજ રોડ રસ્તાઓ પર રેન્ડમ ચેકીંગ કરીને બાકી ચલણ ધરાવતા વાહનોને જરૂર જણાય તો સ્થળ પર જ જપ્ત કરી લેવા.

# ગાંધીનગર જીમખાનામાં કલાસ-૧ અધિકારીઓ માટે ૧૦ હજાર અને નાગરીકો માટે ૫ લાખ ની ફી

પ્રતિનિધિ,ગાંધીનગર

નાગરીકોના ટેક્ષના ૪૦ કરોડ રૂપીયાના ખર્ચે તૈયાર થયેલા ગાંધીનગર સેકટર ૧૯ જીમખાનાના વહિવટમાં વીઆઈપી કલ્ચર સામે આવતા ભારે રોષ ફેલાયો છે, સામાન્ય વહિવટ વિભાગના સત્તાવાર જીઆર (સરકારી પરીપત્ર) મુજબ જીમખાના ની મેમ્બરશીપ ફી માં મોટો વર્ગભેદ ઉભો કરવામાં આવ્યો છે.

નવા નિયમો અનુસાર આઈએએસ અને કલાસ-૧ અધિકારીઓ માટે લાઈફટાઈમ મેમ્બરશીપ ફી માત્ર ૧૦ હજાર રૂપીયા રાખવામાં આવી છે. જયારે સામાન્ય નાગરીકો અને નીચલી કેડરના અધિકારીઓ માટે આજ ફી વધીને ૫ લાખ રૂપીયા અને કોર્પોરેટ સંસ્થાઓ માટે ૭૫ લાખ રૂપીયા (જેમાં ૪ કાર્ડ મળશે) નિર્ધારીત કરાઈ છે. આ પક્ષપાતી વ્યવસ્થા અને ઉંચી ફી ના કારણે અગાઉ રોજ સ્વિમીંગ માટે આવતા ૭૦૦ થી ૭૫૦ જેટલા સામાન્ય નાગરીકો અને તેમના બાળકો આ સુવિધા થી વંચિત થઈ ગયા છે. આ મામલે ગાંધીનગરના જાગૃત નાગરીક સાગર સોનીએ આરટીઆઈ દ્વારા માહિતી માંગતા સરકારી જીઆર ના આધારે લેવાયેલા આ ભેદભાવભર્યા નિર્ણયો બહાર આવ્યા હતા. જાહેર નાણાંથી ઉભી થયેલી સુવિધાઓમાં અધિકારીઓ માટે નજીવી ફી અને સામાન્ય પ્રજા માટે લાખો રૂપીયાની ફી રાખવાની આ નીતી સામે નાગરીકોમાં ઉગ્ર અસંતોષ જોવા મળી રહ્યો છે.